સુવિચાર

''મોટી હસ્તી મળે એનાં કરતાં હસતી વ્યકિત મળે એ વધું સારૂં ગણાય.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૧૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૨૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અમરેલીથી સાવરકુંડલા માર્ગ ઉપર અકસ્માતમાં પાંચ વ્યકિતનાં મોત

એસ.ટી. બસ, બાઈક અને બોલેરો વચ્ચે ગમખ્વાર ત્રિપલ અકસ્માત

બાઈક પર સવાર યુવક, તેની દીકરી અને દીકરાનું ઘટના સ્થળે અને પત્નીનું સારવાર દરમિયાન મોત

એસ.ટી. બસનાં ચાલકનું પણ ઘટના સ્થળે મોત થતાં અરેરાટીનો માહોલ

હૃદયદ્રાવક ઘટના બનતાં વાહનચાલકનાં ટોળા એકત્ર થયા એકી સાથે પાંચ ૧૦૮ પહોંચી

રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા અને ધારાસભ્ય કસવાલા હોસ્પિટલે પહોંચ્યા



અમરેલી, તા. ૨૦

અમરેલી–સાવરકુંડલા સ્ટેટ હાઈવે ફરી એક વખત રકત રંજીત બનવા પામેલ છે. જેમાં આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ ગમખ્વાર ત્રિપલ અકસ્માતની હૃદયદ્રાવક ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. શેત્રુંજી નદીના પુલ પાસે મંદિર નજીક એસ.ટી. બસ, બાઈક અને બોલેરો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક જ પરિવારના માતા–પિતા અને બે નાનાં સંતાનો સહિત કુલ પાંચ વ્યકિતઓનાં મોત નિપજયાં છે. અકસ્માતને પગલે એસ.ટી. બસ પણ રોડ પરથી ખાળિયામાં ઉતરી ગઈ હતી અને બસના ચાલકનું પણ ઘટના સ્થળે જ મોત થયું હતું.

સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર સાવરકુંડલાથી અમરેલી તરફ આવી રહેલી એસ.ટી. બસ નં. જી.

અનુસંધાન પાના ૬ ઉપર

જિલ્લામાં ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાયો

અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાયું : શિયાળાની જમાવટ

આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં રથી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શકયતા



અમરેલી, તા. ૨૦

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં આજથી ગુલાબી ઠંડીનો અહેસાસ શરૂ થતાં હવે શિયાળાની ધીમે ધીમે જમાવટ થવાના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. નવેમ્બર મહિનાના અંતિમ તબક્કામાં પ્રવેશવાની સાથે જ હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગુજરાત સહિત સેરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના છે. ખાસ કરીને લઘુત્તમ તાપમાનમાં રથી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે, જેના પગલે વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડીનો ચમકારો વધુ અનુભવાશે.

અમરેલીમાં ચાલુ વર્ષે અત્યાર સુધી લઘુત્તમ તાપમાન ૨૦થી ૨૨ ડિગ્રીની આસપાસ રહેતા લોકોને શિયાળાની ખાસ ઠંડીનો અનુભવ થયો ન હોતો. જો કે, હવે નવેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં તાપમાનનો પારો ધીમે ધીમે ગગડવાની શકયતા વચ્ચે ઠંડીનો અહેસાસ વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ગુજરાત, સેરાષ્ટ્ર અને કચ્છમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે. ઠંડી અને ગરમીના મિશ્ર વાતાવરણ વચ્ચે તાપમાનમાં સામાન્ય ઉતાર–ચઢાવ જોવા મળશે.

દરમિયાન આજે અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૦.૩ ડિગ્રી નોંધાયું હતું, જયારે હવામાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા રહ્યું હતું. આગામી દિવસોમાં તાપમાનમાં ઘટાડો થતાં શિયાળાની અસર વધુ સ્પષ્ટ બનવાની સંભાવના છે. આમ, અમરેલી જિલ્લામાં હવે ધીમે ધીમે ઠંડીનું જોર વધતાં લોકોને ગરમ વસ્ત્રોનો સહારો લેવાનો સમય નજીક આવી રહ્યો છે.

ભરબપોરે ઘરમાં આવીને યુવતીનો હાથ પકડી લીધો

બાબરામાં માટલુ બદલાવવાનાં બહાને કુંભારનાં ઘરે પહોંચેલા શખ્સે યુવતીની છેડતી કરતા ફરિયાદ

પિતા–પુત્રી ઈજાગ્રસ્ત થતા બંનેને સારવારમાં ખસેડાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેરના અમરેલી રોડ વિસ્તારમાં માટલાંના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારના ઘરે માટલું બદલાવવાના બહાને પહોંચેલા એક શખ્સે યુવતીની છેડતી કરી તેના પિતા સાથે મારામારી કરી હોવાની ઘટના સામે આવી છે. એટલું જ નહીં, ઘરમાં રાખેલાં માટલાંની તોડફોડ કરી અંદાજે રૂ. ૩૦ હજારનું નુકસાન પહોંચાડયું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનામાં ઈજાગ્રસ્ત પિતા–પુત્રીને સારવાર માટે બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ માટલાનો વ્યવસાય કરતા પ્રવીણભાઈ કાનજીભાઈ કુંભારના જણાવ્યા અનુસાર, બે દિવસ અગાઉ

અનુસંધાન પાના ૬ ઉપર

સ્ટાફની જરૂર છે
અમરેલી શહેરમાં પ્રતિષ્ઠીત એજન્સીને નીચે મુજબના સ્ટાફની જરૂર છે, અનુભવી ઉમેદવારને પ્રાધાન્યતા આપવામાં આવશે
સેલ્સમેન–૧
કમ્પ્યુટર ઓપરેટર–૧
ડ્રાઈવર કમ સેલ્સમેન–૧
ભાવેશ એજન્સી, લાઠી રોડ, અમરેલી
સંપર્ક મો.નં. 9725414030

Krishna DINING WALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
કિષ્ના ડાઈનીંગ હોલ
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. સાગર બરાસરા
એન્ડોક્રાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૨૧/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૩ ૯૧૫૧૧
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૧ ૪૮૪૩૦

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા

અમરેલી જિલ્લામાં 30 નવેમ્બરથી ધો. ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષા યોજાશે

પરીક્ષાના આયોજન માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૦

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં અભ્યાસ છોડી ગયેલા, રિપીટર, ખાનગી, પૃથક ઉમેદવારો ભાગ લેશે. પરીક્ષાના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી ડી.એમ. ગોહિલે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં તા. ૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ની પરીક્ષા સી.વી. ગજેરા યુનિટ–૩ વિદ્યાસભા, લાઠી રોડ, શ્રીમતી ટી.પી. એન્ડ એમ.ટી. ગાંધી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, નાગનાથ મંદિર પાસે, અમરેલી તથા પાઠક સ્કૂલ, તારવાડી, મણિનગર, અમરેલી ખાતે યોજાશે. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા શ્રી બી.એન. વિરાણી સેકન્ડરી સ્કૂલ, યુનિટ–૨, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે યોજાશે.



જિલ્લા કલેકટરએ પરીક્ષાના સુચારૂ સંચાલન માટે પોલીસ વિભાગને તમામ ચાર પરીક્ષા કેન્દ્રો પર પૂરતો સુરક્ષા બંદોબસ્ત જાળવવા સૂચના આપી હતી. પરીક્ષા કેન્દ્રો પર વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે પી.જી.વી.સી.એલ.ને જરૂરી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જયારે ગ્રામ્ય વિસ્તારો અને તાલુકા મથકોથી અમરેલીઆવતા એસ.ટી. બસના રૂટ નિયમિત રહે તે સુનિશ્ચિત કરવા જી.એસ.આર.ટી.સીને સૂચના આપી હતી.

આ બેઠકમાં પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલા જિલ્લાના ફરજ પરના અધિકારીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ પરીક્ષા કેન્દ્રોના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

રકતદાન શિબિર, સમૂહલગ્ન, ગૃહશાંતિ યજ્ઞ, ધર્મસભા, સંતવાણી સહિતનાં કાર્યક્રમો સાથે

અમરેલીનાં ફતેપુર ગામે આવેલ ભોજલધામ ખાતે કાર્તિકી પૂનમે નૂતન મંદિરનો પ્રથમ પાટોત્સવ યોજાશે

આગામી મંગળવારે સવારનાં ૮થી વિવિધ કાર્યક્રમોનો થશે પ્રારંભ

અમરેલી, તા. ૨૦

અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે આવેલા ભોજલ ધામ ખાતે આગામી કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર અવસરે નૂતન મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે ધાર્મિક આસ્થા, સામાજિક સમરસતા અને માનવસેવાનો અનોખો સંગમ સર્જાવા જઈ રહ્યો છે. આગામી તા. ૨૪ નવેમ્બરના રોજ યોજાનારા આ ભવ્ય મહોત્સવમાં દેશ–વિદેશમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવના છે. આ પ્રસંગે ૧૧ દીકરીઓનાં સમૂહ લગ્ન સહિત રકતદાન શિબિર, ગ્રહશાંતિ યજ્ઞ, ધર્મસભા, ભોજન પ્રસાદ અને ભજન સંતવાણી જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

ભોજલરામ બાપાની ભકિત, સેવા અને સંસ્કારની પરંપરાને આગળ ધપાવતા આ મહોત્સવને લઈને ભોજલ ધામ ખાતે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

વીરપુરના પૂ. જલારામબાપાના ગુરૂ એવા ભોજલરામ ભગતની પાવન ભૂમિ પર પૂ. ભોજલરામબાપાના ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાદ પ્રથમ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના પ્રથમ પાટોત્સવને યાદગાર બનાવવા ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ ૧૧ દીકરીઓનાં સમૂહ લગ્ન રહેશે. સમાજમાં સંગઠન, સહકાર અને સામાજિક સમરસતાની ભાવનાને વધુ મજબૂત બનાવવાના હેતુથી યોજાનારા આ સમૂહ લગ્નમાં નવદંપતીઓને આશીર્વાદ આપવા મોટી સંખ્યામાં સંતો, મહંતો, મહાનુભાવો અને ભાવિક ભકતો ઉપસ્થિત રહેશે. લગ્ન પ્રસંગે નવદંપતીઓને જીવનજરૂરી ચીજવસ્તુઓની ભેટ આપીને તેમના નવા જીવનની શરૂઆતમાં સહભાગી થવાનો સેવાભાવી પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

આગામી તા. ૨૪ નવેમ્બરના રોજ મહોત્સવના કાર્યક્રમોની શરૂઆત સવારે ૮ કલાકે



રકતદાન શિબિરના ઉદ્ઘાટન સાથે થશે. ત્યારબાદ સવારે ૮:૩૦ કલાકે ગ્રહ શાંતિ યજ્ઞ યોજાશે. બપોરે ૧૨ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૩:૩૦ કલાકે સમૂહ લગ્નના કન્યા અને વરપક્ષના આગમન સાથે લગ્નવિધિનો માહોલ જામશે. સાંજે ૪ કલાકે વરઘોડો નીકળશે અને ૪:૪૫ કલાકે હસ્ત મેળાપની પવિત્ર વિધિ યોજાશે. જયારે સાંજે ૫ કલાકે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત સંતો અને મહાનુભાવો દ્વારા આશીર્વચન આપવામાં આવશે. રાત્રે ૮ કલાકે ભોજન પ્રસાદ તેમજ ભજન સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. ભકિતભાવ અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે યોજાનારા આ કાર્યક્રમોમાં ભાવિકોને સંતવાણીનો લાભ મળશે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મહોત્સવના મુખ્ય દાતાઓ, ટ્રસ્ટના આગેવાનો, સંતો–મહંતો અને સેવાભાવી કાર્યકરો દ્વારા જવાબદારીઓ સંભાળવામાં આવી રહી છે. વિવિધ દાતાઓ અને સેવાભાવી લોકોના સહયોગથી મહોત્સવને ભવ્ય સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. આયોજનમાં યોગદાન આપનારા દાતાઓનું પણ સન્માન કરવામાં આવશે.

ભોજલધામનો આ પ્રથમ પાટોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતો સીમિત ન રહેતાં સમાજસેવા, સમૂહ લગ્ન અને માનવતાના સંદેશને ઉજાગર કરતો મહોત્સવ બની રહેશે. કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસે ભોજલરામબાપાના દર્શન સાથે ભકતો ધર્મ, સેવા અને સંસ્કારના ત્રિવેણી સંગમનો લાભ લઈ શકશે.

અમરેલી મિશન બ્રોડગેજ સંસ્થા દ્વારા સાંસદને લેખિત રજુઆત

અમરેલીથી અમદાવાદ, મુંબઈ, હરિદ્વાર સહિતનાં સ્થળો માટે બ્રોડગેજ ટ્રેન સેવા શરૂ કરવા માંગ

આઝાદીનાં ૮૦ વર્ષ બાદ પણ બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગવી પડી રહી છે

અમરેલી, તા. ૨૦

અમરેલીથી અમદાવાદ, મુંબઈ અને હરિદ્વાર સહિતનાં શહેરો માટે નવી ટ્રેનો શરૂ કરવા ''અમરેલી મિશન બ્રોડગેજ'' દ્વારા સાંસદ ભરતભાઈ સુતરિયાના પી.એ.ને આવેદનપત્ર પાઠવાયું.

અમરેલી જિલ્લાનાં પ્રવાસીઓ, વેપારીઓ અને દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો થાય તેવા શુભ આશયથી આજે ''અમરેલી મિશન બ્રોડગેજ'' સંસ્થા દ્વારા સાંસદ ભરતભાઈ સુતરિયાના પી.એ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ આવેદનપત્ર મા. જણાવવામાં આવ્યું છે કે, અમરેલી–ખીજડીયા બ્રોડગેજ રેલ્વે લાઈનનું કામ પૂર્ણ થઈ ગયું હોવાથી હવે મુસાફરોની સુવિધા માટે તાત્કાલિક ધોરણે ટ્રેન સેવાઓ શરૂ કરવી અત્યંત જરૂરી છે. આ અંગે સંસ્થા દ્વારા નીચે મુજબની મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે.

મુંબઈ સુધીની સીધી ટ્રેન : અમરેલીથી ધંધુકા, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી થઈને મુંબઈ સુધીની સીધી ટ્રેન સેવા શરૂ કરવામાં આવે.



ઉત્તર ભારતની ટ્રેનો : ધાર્મિક અને પ્રવાસન સ્થળોને જોડવા માટે અમરેલીથી અજમેર, જયપુર, મથુરા, દિલ્હી અને હરિદ્વાર માટે નવી ટ્રેનો ફાળવવામાં આવે.

અમદાવાદ માટે દૈનિક ઈન્ટરસિટી ટ્રેન : દૈનિક મુસાફરો અને વેપારીઓને ઝડપી મુસાફરીનો લાભ મળે તે માટે અમરેલીથી વહેલી સવારે અમદાવાદ જવા માટે અને રાત્રે પરત ફરવા માટે ખાસ ટ્રેન શરૂ કરવામાં આવે.

આ રજૂઆત પ્રસંગે ''અમરેલી મિશન બ્રોડગેજ''નાં પ્રમુખ રાજેશભાઈ ગાંધીની આગેવાની હેઠળ સંસ્થાનાં સભ્યો આશાબેન દવે, જયદીપભાઈ વ્યાસ, અનસુયાબેન શેઠ તથા ગૌતમભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પતિએ તેમની પત્ની સાથે પ્રેમ સબંધની ના પાડતા

રાજુલાનાં યુવક ઉપર તેની પત્નીનાં પ્રેમી સહિત પાંચ વ્યકિતઓએ કર્યો હુમલો

યુવકે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૨૦

રાજુલા ગામે પરિણીતા સાથે પ્રેમ સબંધ રાખવા બાબતે પરિણીતના પતિએ ના પડતા પાંચ જેટલાં આરોપીએ આ પરિણીતાના પતિની હત્યા કરવાના ઈરાદે માર મારી ગંભીર ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજુલાના ઘાંચીવાડમાં આવેલ તજનાશા પીરની દરગાહ નીચે રહેતા અફજલભાઈ રજાકભાઈ ભોંકીયા નામના ૩૭ વર્ષીય યુવકના પત્નિ શહેનાજબેન સાથે આ કામના આરોપી અલ્ફાજ સાજીદભાઈ પાયકને પ્રેમ સંબધ હોય જેથી યુવકે આરોપી અલ્ફાજને સમજાવેલ હોય તેમ છતા આરોપી સમજેલ ન હોય જેના લીધે યુવક તથા તેમના ભાઈ ઈરફાનભાઈ ભોંકીયા આરોપી અલ્ફાજ ભોંકીયા સાથે બોલતા ચાલતા ન હતા. જે વાતનુ મનદુ:ખ રાખી ગત તા.૧૮ ના રોજ પ્રથમ આરોપી અલ્ફાજ પાયકે યુવકના ભાઈ ઈરફાન ભોંકીયાને જેમ ફાવે તેમ ગાળો આપી તથા માથા ઉપર પાઈપનો એક ઘા મારી ઈજા કરી હતી. તથા તેમની ફોર વ્હિલ રજી નંબર જી.જે.૫ સી.પી. ૬૧૧૧ માં પાઈપનો ઘા મારી પાછળનો કાચ તોડી નાખી નુકશાન કરેલ હતું.

ત્યારબાદ આરોપી ઈકબાલ ચોકીયા સાજીદ પાયક તથા મુસ્તુફા કાળવાતર ત્રણેય ઈસમો મોટર સાઈકલમાં આવી આરોપી ઈકબાલ ચોકીયાએ યુવકને મારી નાખવાના ઈરાદે ઘોડીયાના લાકડાનો એક ઘા માથાના ભાગે મારી યુવકને માથામાં જીવલેણ ઈજા કરી ખુન કરવાની કોશીશ કરી હોવાની યુવકે પાંચ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

બેટી બચાવો બેટી પઢાવો, અભિયાન અંતર્ગત

લીલીયા મોટાનાં ગોંઢાવદર ખાતે PC & PNDT એકટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લિંગ પરીક્ષણ કાયદેસરનો ગુનો હોવા અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું

લીલીયા, તા.૨૦

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આરોગ્ય વિભાગના સંકલનથી 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન અંતર્ગત લીલીયા તાલુકાના ગોંઢાવદર ગામે આવેલ સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ધી પ્રી – કન્સેપ્શન એન્ડ પ્રી – નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક (PC & PNDT) એકટ અંગે વિશેષ જાગૃતિકરણ કાર્યક્રમ યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા તથા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી કિરણભાઈ લકુમના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં અપાયેલ મહત્વપૂર્ણ માર્ગદર્શન જેવાકે કાયદાકીય સમજ : તાલુકા હેલ્થ ઓફિસર ડો. મિહિરભાઈ (એમ.એ.) સિદ્ધપુરા દ્વારા PC & PNDT એકટની જોગવાઈઓ, લિંગ પરીક્ષણ શા માટે કાયદેસરનો ગુનો છે અને આ કાયદાનો ભંગ કરવા બદલ થતી કડક સજા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ડો. નેહાબેન પીપલીયા દ્વારા સમાજમાં દીકરા – દીકરી વચ્ચેના ભેદભાવ દૂર કરી જાતિગત સમાનતા જાળવવા અંગે બહેનોને જાગૃત કરાયા હતા. સખી વન સ્ટોપ સેન્ટર (OSC) ના સેન્ટર એડમિન રત્નાબેને મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને મળતી તાત્કાલિક સહાય અંગે તેમજ કાઉન્સેલર રોશનીબેન મચ્છરે મહિલા સહાયતા કેન્દ્રની કામગીરી અંગે સમજ આપી હતી. મિનાક્ષીબેન મકવાણા દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની 'વ્હાલી દીકરી યોજના' અને 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી.



આ તકે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિજયભાઈ કોગથીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય કમલેશભાઈ અગ્રાવત, માજી સદસ્ય કાંતીભાઈ, એડવોકેટ સંજયભાઈ બગડા, તાલુકા હેલ્થ વિઝિટર મધુબેન, DHEW, OSC અને PHC સ્ટાફ સહિત મોટી સંખ્યામાં મહિલા તબીબો, ફિમેલ હેલ્થ વર્કર અને આશા વર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે જિલ્લા મિશન કો–ઓર્ડીનેટર હસમુખભાઈ રાઠોડ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ઘારી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા

અમરેલી, તા. ૨૦

પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના ઘારી તાલુકાના ડાભાળી પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૪૪ (પ્રથમ પ્રયત્ન) નવી વસાહત પ્રાથમિક શાળા કેન્દ્ર નં.–૫૭ (પ્રથમ પ્રયત્ન)હરીપરા પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૬૨ (દ્વીતિય પ્રયત્ન) ગીગાસણ પ્રાથમિક શાળા કેન્દ્ર નં.–૨૩ (દ્વીતિય પ્રયત્ન)માં સંચાલકની આવશ્યકતા છે. આ જગ્યા માટે પસંદ થનાર સંચાલકોને માનદ વેતન ચૂકવવામાં આવશે.

જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ઉંમર ૨૦ વર્ષ હોવી જોઈએ. જેના આધાર તરીકે જન્મનો દાખલો અથવા સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અરજી સાથે જોડવાના રહેશે. સરકારના શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવો અને ગાઈડલાઈન મુજબ સંચાલકની જગ્યાએ ઓછામાં ઓછા ૧૦ ધોરણ પાસ અને જો જે જે ગામમાં ૧૦ ધોરણ પાસ ઉમેદવાર ન મળે તો. ધો. ૦૭ પાસ ઉમેદવારને નિમણૂક આપી શકાશે.

પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન ઘારી તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ તા. ૧૮/૧૧/૨૬ સુધીમાં મેળવી લેવું. જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી, ઘારીની રજીસ્ટ્રી શાખાને પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.

નિયમ મુજબની અરજી, લાયકાત, વય મર્યાદા તથા સરકારના ઠરાવેલ ધોરણો ધરાવતા ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે તેમ મામલતદાર ઘારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ભારતે ફગાવી દીધો મામલો

અમેરિકન કોર્ટનો NSA અજિત ડોભાલ અને સામંત ગોયલને સમન્સ મોકલવાનો આદેશ

નવી દિલ્હી/ન્યૂયોર્ક, તા. ૨૦

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ દ્વારા દાખલ કરાયેલા સિવિલ કેસમાં અમેરિકાની એક કોર્ટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના પૂર્વ વડા સામંત ગોયલને સમન્સ મોકલવાનો આદેશ આપ્યો છે. જોકે, ભારતે આ સમગ્ર મામલાને સંપૂર્ણપણે પાયાવિહોણો ગણાવીને ફગાવી દીધો છે. આ મુદ્દે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અગાઉ પણ કહેવાયું છે તેમ ભારત આવા પાયાવિહોણા કેસને ફગાવે છે.

અમેરિકાના ન્યૂયોર્કના દક્ષિણી જિલ્લાની ડિસ્ટ્રિક્ટ કોર્ટે ગત ૧૩ નવેમ્બરે આ આદેશ જારી કર્યો હતો, જેમાં દિલ્હીની સ્થાનિક અદાલતો મારફતે બંને અધિકારીઓને સમન્સ બજાવવાની સૂચના અપાઈ છે. કોર્ટના ક્લર્કને અજિત ડોભાલ માટે દિલ્હીની પટિયાલા હાઉસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તેમજ સામંત ગોયલ માટે દ્વારકા અને તીસ હજારી કોર્ટમાં સમન્સ તથા સંબંધિત દસ્તાવેજો મોકલવા જણાવાયું છે.

અમેરિકન ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ કેથરીન પોલ્ક ફૈલાએ પોતાના આદેશમાં હેગ કન્વેન્શન અને ઈન્ડિયન કોડ ઓફ સિવિલ પ્રોસિજર (CPC)નો હવાલો આપતાં વિદેશી કોર્ટ દ્વારા ભારતીય અદાલતો મારફતે સમન્સ મોકલવાની શક્યતા દર્શાવીને ભારતીય કોર્ટોની મદદની વિનંતી કરી છે. કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે હેગ કન્વેન્શન હેઠળ ભારતની સેન્ટ્રલ ઓથોરિટી મારફતે સમન્સ મોકલવાનો પ્રયાસ સફળ રહ્યો ન હતો અને ફગાવી દેવાયો હતો, તેમજ અગાઉ વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસ મારફતે થયેલો પ્રયાસ પણ નિષ્ફળ ગયો હતો. ભારતમાં પ્રતિબંધિત સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) સાથે જોડાયેલા ગુરપતવંત સિંહ પન્નુએ પોતાના પર થયેલા કથિત હુમલા બદલ વળતરની માંગ સાથે સિવિલ દાવો દાખલ કર્યો છે, જેમાં અજિત ડોભાલે ઈછઉ સાથે મળીને તેની હત્યાનું કાવતરું ઘડ્યાનો આક્ષેપ કરાયો છે.

વર્ષ ૨૦૨૬માં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે અરજી મંગાવવામાં આવી

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી ડીસેમ્બરમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

ધો. ૧૦થી લઈને પીએચડી, સુપર સ્પેશ્યાલિસ્ટ પરીક્ષા પાસ કરનારને પ્રોત્સાહિત કરાશે

અમરેલી, તા. ૨૦

આગામી ડિસેમ્બર માસમાં જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમાજનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૬ યોજવાનું આયોજન કરેલ છે. જેમાં ધોરણ ૧૦, ૧૨, સ્નાતક, અનુસ્નાતક, બી.ઈ., એમ.ઈ., એમ.બી.એ., એમ.બી.બી.એસ, એમ.એસ., એમ.ડી., બી.એ.એમ.એસ., ડી.એચ.એમ.એસ., બી.ડી.એસ., એમ.ડી.એસ., સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટર, પી.એચ.ડી. વર્ગ એક અને વર્ગ–૨ની પરીક્ષા પાસ કરીને નિયુકત પામેલ ઉમેદવાર, રાષ્ટ્રકક્ષા અને રાજય કક્ષાએ સરકાર ધ્વારા એવોર્ડ મેળવનાર, સંગીત કલા અને રમતગમતમાં રાજય કક્ષાએ વિજેતા થનાર ઉમેદવાર અને રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેનાર અરજી કરી શકશે. આ કાર્યક્રમ માટે અરજીપત્રક મેળવીને વિગત સાથે ભરી અમરેલી શહેરમાં ભગીરથભાઈ ત્રિવેદી, મુકેશભાઈ તેરૈયા, અજયભાઈ પંડયા, સાવરકુંડલામાં બ્રહ્મપુરી ખાતે ડોકટર મુકેશભાઈ ત્રિવેદી, વડિયા અશ્વિનભાઈ મહેતા, કુંકાવાવ યોગેશભાઈ દવે, લીલીયા કિશોરભાઈ પાઠક, બગસરા વી.પી. ઘાંઘિયા, અશ્વિનભાઈ પંડયા, દામનગર કિશોરભાઈ ભટ્ટ, ઘારી જીતુભાઈ જોશી, હીનાબેન રાવલ, ચલાલા લલીતભાઈ મહેતા, જાફરાબાદ મહેશભાઈ રાજયગુરૂ, નિરવભાઈ ઠાકર, રાજુલા કનકભાઈ જાની, દુષ્યંતભાઈ ભટ્ટ, ચિતલ બીપીનભાઈ ભટ્ટ, વાલ્મિકભાઈ દવેનો સંપર્ક કરી નિયત સમય મર્યાદામાં આપનું અરજીપત્રક મેળવી અને પહોંચતું કરવાનું રહેશે. આ સરસ્વતી સન્માન સમારોહના નિયમો જિલ્લા બ્રહ્મસમાજ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સમિતિ ધ્વારા તૈયાર કરવામાં આવેલા છે. તેમ જિલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ તુષાર જોશી અને મહામંત્રી જસત્રિવેદીની યાદી જણાવે છે.

દર વર્ષે અંદાજિત ૧૦૦ આસપાસની વ્યક્તિઓ અકાળે મોતને ભેટતી હોવાનું અનુમાન

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતમાં થતાં મોત માટે જવાબદાર કોણ ?

સાવરકુંડલા માર્ગ ઉપર પતિ,પત્ની અને ૨ બાળકો સહિત પાંચ વ્યક્તિઓનાં મોતની ઘટના અતિ દુ:ખદ

જિલ્લા ટ્રાફિક પોલીસ અને આરટીઓએ કયારેય નિયમ વિરૂધ્ધ દોડતાં વાહનો સામે કાર્યવાહી કરી છે ખરી

છકડો રિક્ષા, ટેમ્પોમાં ખીચોખીચ ભરીને મુસાફરોની હેરફેર થતી હોય કોઈ પુછવાવાળુ નથી

જનતામાં જાગૃતિનો અભાવ અને જવાબદાર વિભાગની નિષ્ક્રીયતાથી અકસ્માતની ઘટના બને છે

અમરેલી, તા. ૨૦ અમરેલી-સાવરકુંડલા માર્ગ ઉપર આજે એસ.ટી. બસ અને ૪ સવારી બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં તેમાં એક યુવક, તેના પત્ની અને ૨ બાળકો તેમજ એસ.ટી. બસનાં ચાલક સહિત પાંચ-પાંચ વ્યકિતઓનાં મોત નિપજયા હોય ત્યારે, સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય કે આ દુર્ઘટના માટે જવાબદાર કોણ ?

એક તરફ જનજાગૃતિનાં અભાવે મોટાભાગનાં બાઈક સવાર અને પાછળ બેસેલ વ્યકિત હેલ્મેટનો ઉપયોગ કરતાં નથી. ડબલ સવારી બાઈકમાં ૨ થી વધુ વ્યકિતઓ મુસાફરી કરે તેમજ છકડો રીક્ષા કે ટેમ્પો કે જે માલવાહક છે છતાં પણ ખુલ્લેઆમ મુસાફરોની હેરફેર થતી હોવાનું દ્રશ્ય અવારનવાર સૌ કોઈ જોઈ રહ્યું છે.

માર્ગ અકસ્માતની ઘટના નિવારવા માટે જરૂરી જનજાગૃતિનો અભાવ, જિલ્લા ટ્રાફિક પોલીસ અને આરટીઓની નિષ્ક્રીયતાથી કાયદાનું પાલન થતું નથી. તેમજ ઘણા કિસ્સામાં બિસ્માર માર્ગો, જરૂરી સાઈન બોર્ડનો અભાવ સહિતની અનિયમિતતા પણ જવાબદાર છે.

જનતા જનાર્દને મોટર વ્હીકલ એકટની અમલવારી કરવી જોઈએ અને ગેરકાયદેસર રીતે વાહન ચલાવવાથી બચવું જોઈએ અને જો જનતા જાગૃત ન રહે અને કાયદાનું પાલન ન કરે તો ટ્રાફિક પોલીસ અને આરટીઓ વિભાગની જવાબદારી હોય છે. ઘણી વખત અજ્ઞાનતા કે કયાં કોઈ રોકે છે, કયાં કોઈ પુછવાવાળુ છે તેવું માનીને મનફાવે તે રીતે વાહનો માર્ગો પર દોડાવાતાં હોય છે. ત્યારે, સરકારી વિભાગની વિશેષ જવાબદારી હોય છે કે તેઓ મોટર વ્હીકલ એકટની અમલવારી કરાવે અને જિલ્લામાં માર્ગ અકસ્માતથી મોતની ઘટના અટકાવે તે જરૂરી છે.

નશા મુકત ભારત અને વન નેશન વન ઈલેકશન મુદ્દા પર વકૃત્વ સ્પર્ધા સાથે

અમરેલીના શાંતાબા મેડિકલ કોલેજ ખાતે ''માય ભારત અમરેલી'' દ્વારા યુથ પાર્લામેન્ટ યોજાઈ

સ્પર્ધામાં અગ્રેસર રહેનાર સ્પર્ધકને મોમેન્ટો એનાયત કરાયા

અમરેલ, તા. ૨૦

ભારત સરકાર, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, અંતર્ગત માય ભારત અમરેલી, કચેરી દ્વારા યુવાઓ માટે 'જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટ' શાંતાબા મેડિકલ કોલેજ ખાતે આયોજન કરવામાં આવેલ હતું જે અંતર્ગત નશામુકત ભારત, તેમજ વન્ નેશન વન ઈલેકશન મુદ્દા પર વકૃત્વ સ્પર્ધા યોજાયેલ જેમાં મેડિકલ કોલેજના એમ.બી.બી.એસ. યુવાઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ મહેમાનોનું શાબ્દિક સ્વાગત બાદમાં સરસ્વતીની છબીને માલ્યા અર્પણ કરી મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવેલ હતું ત્યારબાદ રાકેશ બિશ્નોઈ જિલ્લા યુવા અધિકારી માય ભારત અમરેલીનું ડો. અશોક રામાનુજ, ડીન. શાંતા બા મેડિકલ કોલેજના હસ્તે પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ, રાકેશ બિશનોઈ દ્વારા યુવાઓને નશામુકત ભારત અંગે નશાની વધતી બદીને અટકાવવા, સામાજિક જવાબદારી કેળવવા યુવાઓને આહવાન કરેલ હતું પ્રવીણ જેઠવા ઓફિસ આસિસ્ટન્ટ દ્વારા યુવાઓને વિકસિત ભારતના નિર્માણમાં સ્વસ્થ જાગૃત અને જવાબદાર યુવાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા અંગે જણાવેલ તેમજ માય ભારત અમરેલી ની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સંપૂર્ણ



માહિતી આપેલ હતી આ વકૃત્વક સ્પર્ધામાં ડો. જયેશ કથીરિયા એડિશનલ ડીન, ડો. દર્શિત કટેશીયા, ડો. નયના ભાલોડીયા, ડો. મિહિર જાની, ડો. પલક મોવલીયા પાંચ જુરી (નિર્ણાયક)તરીકે પોતાની ઉમદા સેવાઓ ફાળવેલ હતી પ્રથમ ક્રમે વિજેતા અવની સોલંકી, બીજા ક્રમે વિજેતા ધ્રુવ ઢોલરીયા, ત્રીજા ક્રમે વિજેતા અમીશા પટેલિયા તમામ વિજેતાઓને માય ભારત અમરેલી તરફથી મોમેન્ટો જ આપી બિરદાવવામાં આવ્યા હતા તેમજ કચેરી દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ ને સ્પોટર્સ કીટ જેમાં રમત ગમતના સંપૂર્ણ સાધનો એનાયત કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમને સંપૂર્ણ સફળ બનાવવા ડો. નયના ભાલોડીયા, આશિષ જાદવ, રાહુલ તેમજ તમામ બ્લોકના એનવાયવીઓએ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પ્રિયાંશી રાઠોડ, ધૈરીયા રાજપરાએ કરેલ હતું અંતમાં તમામ યુવાઓને પ્રમાણપત્રો એનાયત કરી બધાએ સાથે કચેરી તરફથી ભોજન લીધેલ હતું.

ગુજરાત સહકાર ભારતીના સંપર્ક પ્રમુખ તરીકે પરેશ પટેલની વરણી



અમરેલી, તા. ૨૦

સહકાર સહકાર ભારતી ગુજરાત ના કાર્યકર્તાઓની તારીખ ૦૧.૧૧.૨૦૨૬ ના રોજ ગુજરાત અર્બન બેંક ફેડરેશન માં મળેલ મિટિંગ કે જેમાં ગુજરાતના દરેક જિલ્લાઓમાંથી ૮૦ કરતા વધારે કાર્યકર્તાઓ તેમજ રાષ્ટ્રીય પદાધિકારીઓ કાંતિભાઈ પટેલ (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ), સંજય પાંચપોર (રાષ્ટ્રીય સંગઠન મંત્રી), વિનોદભાઈ બરોડિયા (રાષ્ટ્રીય સંગઠન પ્રમુખ), શ્રી જીવનભાઈ ગોળે (ક્ષેત્રીય સંગઠન પ્રમુખ) તેમજ પ્રદેશના મહામંત્રી જયંતીભાઈ કેવટની હાજરીમાં પ્રદેશના અધ્યક્ષ મહેશભાઈ પટેલ દ્વારા ગુજરાતના સહકારી આગેવાન પરેશભાઈ રણછોડભાઈ પટેલની પ્રદેશના સંપર્ક પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી.

તેઓ ગુજરાતની વિવિધ પ્રાયમરી મંડળીઓ, જિલ્લા કક્ષાની, રાજય કક્ષાની સંસ્થાઓ તેમજ રાષ્ટ્રીય સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરે છે અને સહકારી ક્ષેત્ર ના અગ્રગણ્ય આગેવાન છે. રાષ્ટ્રીય સંસ્થાઓમાં KRIBHCO, NAFED, નેશનલ કો-ઓપરેટીવ કન્ઝયુમર ફેડરેશન, ઈફકો વગેરેનો સમાવેશ થાય છે.

આદુ-મરચાથી ભરપુર રસ્પે. વાટીદાળના ખમણ
તેમજ રસ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ૨૪કલાક-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ-૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી-અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
• આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - 30/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ
ફરસાણ
(ઘારીવાળા)
રસ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

MORE STYLE
Stunning LED* Headlight with DRL*
Color TFT Meter*
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

॥ એક વખત એક જ વસ્તુ ધ્યેય પર ધ્યાન કેન્દ્રીત કરવું એનું નામ એકાગ્રતા ॥

પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ (કાચા સાહેબ)

આજે મિત્રો એકાગ્રતાની થોડી વાત કરવી છે. એકગ્રતાનો પર્યાય શબ્દ છે. ધ્યાન દેવું, ધ્યાન દઈને કામ કરવું આવી શીખમણ નાનપણમાં આપણી મા અથવા પિતાજી આપતા ત્યારે આપણને ગમતું નહિ. પણ જેમ જેમ મોટા થતા ગયાં એમ એમ સમજ અવી કે નાનપણમાં ભણવામાં જો એકાગ્રતા કેળવી લીધી હોત તો આજે હું કયાંનો કયાં હોત, પણ ભઈ હવે તો બહુ મોડું થઈ ગયું જબ ચિડિયા ચુગ ગઈ ખેત, હવે પસ્તાવો કરવાથી કે રડવાથી શું મળ વાનું ?

આપણે જાણીએ છીએ કે જે કામમાં આપણને રસ પડે તે કામ સારૂ ને ઝડપથી થઈ જાય રસ પડે એટલે ચીવટથી કામ કર્યુ ધ્યાન દઈને કામ પર પાડયું. વિદ્યાર્થી ઓની કાયમ ફરિયાદ હોય છે કે, વાંચેલું યાદ રહેતું નથી. કેમ યાદ નથી રહેતું ? કારણ કે વાંચતી વખતે આપણું ધ્યાન, ચીત બીજે ભટકતું હતું. વાંચવમાં નહોતું, પણ જો ક્રિકેટ રમવાનું કહે તો? કેમ ચીવટથી, ધ્યાન દઈને રમીએ છીએ? બેટીંગ માટે વધુ રન બનાવવની હોંશ હોય છે ને બોલીંગ વખતે એ ધ્યાનમાં હોય છે કે હું વધુ વીકેટ લઉ. એટલે ક્રિકેટ ગમે છે ને વાંચવું ગમતુ નથી.

એક પ્રસંગ યાદ આવે છે અમેરિકામાં સ્વામી વિવેકાનંદ ગયેલ એક દિવસે સાંજના સમયે ફરવ નીકળેલ. એક નાના તળવ કાંઠે બે યુવાનો હાથમં બંદુક લઈ પાણીમાં તરતી વસ્તુનું નિશાન તાકતા હતા. પણ નિશાન બરાબર સંધાતું નહોતું. સ્વામીજીએ રમત જોવ ઉભા રહયા. થોડિવર પછી કહયું. "મિત્રો, તમે કહો તો હું પ્રયત્ન કરી જોઉ ?" પેલા મિત્રોએ મશ્કરીમાં કહયું. "તમે તો સાધુ છો. કયારેય બંદક જોઈ છે ! હાલી નીકળ્યા નિશાન તાકવાં, છતા સ્વામીજીએ ભારત પુર્વક કહયું." એકાદ પ્રયત્ન કરવામાં શું જાય છે. ? પેલા યુવાને બંદુક સ્વામીજીને પકડાવી. સ્વામીજીએ કયારેય બંદુક જોઈ નહોતી. નિશાન તાકેલું નહિ પણ અન્યને જોઈ જે અનુભવ મળેલો તેનો ઉપયોગ કર્યો. નિશાન ભકયું ને ગોળી છોડી, વસ્તુ વિધાઈ ગઈ. પેલા યુવનો દંગ રહી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે જેમણે બંદુક જોઈ નથી. ચલવી નથી છતાં નિશાન તાકી શકે છે. એ કંઈ રીતે બને? તેમણે પગે લાગી પુછયું. "સ્વામીજી આ કામ તમે કેવી રીતે કરી બતાવ્યું ? ત્યારે સ્વામીજી કહે છે. "મિત્રો, નિષ્ઠા અને એકાગ્રતા હોય તો બધા કામ સરળ બની જાય છે. તમે પણ ધ્યાન દઈને, એકાગ્રચિત્રે કામ કરશો તો તમને પણ સફળતા મળશે જ. યુવાનો સ્વામીજી શિષ્યો બની ગયા.

જીવનમાં સફળત ત્યારે જ મળે જો યોગ્ય દિશામાં તમારી મહેનત હોય, લગનથી કામ કર્યુ હોય, બીજી વત, વિદ્યાર્થીઓને વાંચેલું યાદ નથી રહેતું પણ પીકચર, ફિલ્મ જોયા બાદ પુરી સ્ટોરી યાદ રહી જાય છે. આવત ગીતો મોઢે રહી જાય છે. એનું શું કારણ? કારણ સ્પીચ સરળ છે. કે ફિલ્મ તમે એકાગ્રતાથી, ધ્યાનને જોઈ હતી.

એક બીજી અનુભવની વાત કરૂં મારી પાસે યુવાનો વર્ષોથી સ્ટેનોગ્રાફી શીખવ આવે છે. થોડો વખત કાળજીથી ભણો લેસન કરે પણ પછી ડાંડિયા દેવા માંડે, નિયમિત ન રહે, લેસન કરે નહિ. આગલુ લેસન તૈયાર ન કરે ને પછી અધવચ્ચેથી છોડી દે. અવ અસંખ્ય યુવાનોએ અધવચ્ચેથી શીખવનું છોડી દીધું છે. કારણ કે એમની તકો કોઈ દિશા કે ચોકકસ ધ્યેય નહતો. બસ ઈચ્છ થઈ કે કોઈએ વાત કરી કે સ્ટેનોગ્રાફી કરો એટલે નોકરી પાકી પણ એમ કર્યા નોકરી રેઢી પડી છે. સફળ તા એને મળે કે જે પરસેવો પાડી મહેનત કરત હોય.

એકાગ્રત એવી અણમોલ વસ્તુ છે. કે એક વખત જીવનમાં હાંસલ કરી લીધી પછી જોજો સિદ્ધિ તમારી કદમોમાં આવીને પડશે. શાકભાજી વેચનારા, મજુરી કરનારા, રિક્ષા ચલાવનારાનાં સંતાનો એસ.એસસી. કે એચ.એસ.સી.માં બોર્ડમાં શા માટે પ્રથમ સ્થાને આવે છે ? વિચાર્યું છે કદી ? જેમને તમારા જેવી કોઈ ભૌતિક સુવિધા મળી નથી. દિવસે બાપ સાથે મજુરી કરતો હોય, છોકરી પારકા કામ કરતી હોય ને રાત્રે વાંચતી હોય. એમને પાસ થઈ ગરીબાઈમાંથી બહાર નીકળ વાનું એમણે ધ્યેય નકકી કરી લીધુ હતું. આપણી પાસે તમામ પ્રકારની સુવિધા હોય છે, લાઈટ, પંખા, એ.સી. ટેબલ, ખુરશી, મમી ચા, કોફી બનાવી આપો, ઘરમાં કોઈ તેમને કામ નચિંધે, છતાં પરીક્ષામાં શા માટે નાપાસ થઈએ છીએ? કારણ કે તમે એકાગ્રતાથી, ધ્યાન દઈને વાંચ્યું જ નહિ.

આપણા ઋષિ – મુનિઓ કહેત કે સફળ થવા માટે માયાની ચોટલી બાંધી મેડી પડવું જોઈએ, તમને જો ખ્યાલ હોય તો એવા એવા મહાનુભાવો થઈ ગયાં કે જેમને છ– સાત, ભાષાઓ આવડતી હોય, એક યોગી પુરૂષ, જૈન સાધુ એવા હત કે તેમને સતાવધાની કહેવામાં આવત એક સાથે સાત માણસો સાથે વાત કરી જવાબો આપી શકત એમનું નામ શોધી કાઢજો.

જીવનમા કરે લો પુરૂષાર્થ, મહેનત કયારેય એવો જાતા નથી. ગાંધીનગરએ અંગ્રેજો સાથે અહિસંક લડત આપી, સરદાર વલ્લભભાઈ પટેલ રજવાડાઓને એકત્રિત કર્યા, ડો. બાબા સાહેબ આંબેકરે બંધારણ બાંધ્યું. વિનોબાજીએ સમગ્ર ભારતમાં ભુદાનયજ્ઞ, આદરેલ અને એમને સફળતા એટલા માટે મળી કે તેમણે નિષ્ઠાથી, ધ્યેય સાથે, એકાગ્રતાથી કાર્ય કરેલું. સિંહ શીકાર પાછળ કેવો દોડે છે.! જયાં સુધી શીકાર હાથમાં ન આવે ત્યં સુધી મહેનત કરે છે. પાછો પડતો નથી. અંતે શીકાર મેળવીને જ રહે છે.

તો આવો પ્રતિજ્ઞ લઈએ કે, મારૂં ધ્યેય હાંસલ નહિ થાય ત્યાં સુધી મારૂં કાર્ય એકાગ્રત પુર્વક મંડી રહીશ.. આસ્તુ...

બાલ એકસપ્રેસ





– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

આદેશાત્મક ચિહ્નો

ઉંચાઈની મર્યાદા



Height Limit

નિર્ધારિત માપ કરતાં વધુ ઉંચાઈવાળા વાહનો માટે પ્રવેશ – મનાઈ છે. દા. ત. અંડરપાસ.





બાલમિત્રો,

બાળમિત્રો, નવા વર્ષની હાર્દિક શુભેચ્છઓ..

દિવાળીન તહેવારો ઉજવ્યાને ? ખુબ મજા કરી, ફટાકડા ફોડયા, મીઠાઈ ખાધી, હર્યા–ફર્યા, પ્રવાસ કર્યો, હસ્તો રમ્યાં, ચિત્રો દોર્યા, વાતોઓ વાંચી કે સાંભળી, કેટકેટલું કર્યુ, મિત્રો સાથે રજાઓ માણવામાં તો આનંદ અવે જને ? તો કેટલાંક બાળ મિત્રો તો કુંટુંબ સાથે દુર દુર ફરવ ગયાં હશે. જંગલોમાં, ડુંગરાઓમાં ફર્યા હશે. કેવી મજા કરી ખરૂને ? તમે જોયું હશે કે તમારા આનંદમાં ને આનંદમાં દિવાળી વેકેશન કયારે પુરૂ થઈ ગયું તેની ખબર જ ન પડી. સુખનાં દિવસોમાં એમ જ થાય. ને હવે ટુંક સમયમાં રજાઓ પુરી, ફરી નિશાળો શરૂ, ભણવાનું લેશન કરવાનું, ટયુશનમં જવાનું, નોટો પુરી કરવાની, શાળાની પ્રવૃતિઓમાં ભાગ લેવાનું કેટકેટલું કામ શરૂ થશે ?

પણ બાલમિત્રો, સાચુ કામ તો આપણું ભણવાનું છે હો, નહિતર મજુરી કરવનો વરો આપશે. માટે એકાગ્રચિત્રે ભણજો... નવા વર્ષના શુભકામનાઓ.....





આંધળું અનુકરણ

બાળ નિર્માણની વાર્તાઓ
ડો.આશાબહેન એ.શાહ - સરસિજ



ઘણાદિવસપહેલાંની વાત છે. ભારતવર્ષમાં ગંગા નદીના કિનારે હિરણ્યાભ નામનો એક સાધુ રહેતો હતો. તેણે પોતાનું ઘર – કુટુંબ બધું જ છોડી દીધું હતું. એકલો જ રહેતો અને ભગવાનનું ભજન કરતો હતો. એનામાં અનેક ગુણો હતા જેવા કે તે બીજાને મદદ કરતો હતો. દરેક પ્રાણી પર દયા રાખતો હતો. દરેક સાથે સારો વ્યવહાર કરતો હતો. છતાં એનામાં એક મોટો અવગુણ પણ હતો અને તે હતી લાલચ. એણે ઘણી સોનામહોરો પોતાની પાસે ભેગી કરી રાખી હતી. તે કોઈને આપતો પણ ન હતો કે ન તેનો પોતે ઉપયોગ કરતો હતો.

એક વખત સાધુ વિચારવા લાગ્યો કે મારી ઉંમર ઘણી થઈ છે. કોણ જાણે કયારે મૃત્યુ આવે, માટે એક વખત બધાં તીર્થોની યાત્રા કરું. એ બહાને પરોપકાર પણ થશે. ખરેખર તો પ્રાચીનકાળમાં એવો રિવાજ હતો કે સંન્યાસીઓ તીર્થોમાં લોકોને ઉપદેશ આપે અને તેઓની જુદી જુદી ગૂંચવણોનો ઉકેલ શોધી આપે. એ પ્રમાણે તેઓ જનકલ્યાણ પણ કરતા હતા.

હિરણ્યાભે યાત્રાની બધી તૈયારી કરી. કપડાં અને નાસ્તો એક પોટલીમાં બાંધ્યો. ધાર્મિક પુસ્તકો અને જપ કરવા માટે માળા પણ સાથે રાખી. સોનામહોરોની થેલી પણ પોટલીમાં મૂકી. પાછળ પોટલી લટકાવીને એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં લાકડી લઈ લીધી. તે ધીરે ધીરે ગંગાકિનારે ચાલવા લાગ્યો.

આમ રસ્તે રોકાતાં રોકાતાં તે સાધુ થોડા દિવસો પછી સાત ઋષિઓના તપસ્થાન – સપ્ત સરોવર પહોંચી ગયો. ત્યાં એક – બે દિવસ રોકાઈને આગળ બદ્રીનાથ જવાનું હતું. અત્યાર સુધીનો રસ્તો ઘણો જ સરળ હતો. તે ગંગાકિનારે ચાલતો

(ક્રમશઃ)

પટેલસાહેબ, હું બીજી સગવડ કરી લઈશ.

બકોર પટેલની કહાણીઓ
હરિપ્રસાદ વ્યાસ

પટેલ તો હરખાય! કંઈ હરખાય! બસ, હવે તો મોટર આવવાની જ! પેઢી પર જવાને બદલે એ તો સીધા, કોટમાં ટોમી સાહેબની કચેરીએ ગયા. પોતાનું નામપત્તુ આપી પટાવાળાને અંદર મોકલ્યો.

સાહેબે બહાર આવી એમનો સત્કાર કર્યો ને પોતાના ઓરડામાં લઈ ગયાં. પટેલ તો મોટરના જ વિચારમાં. ટોમીસાહેબે એમને મેજ પાસેની ખુરસીમાં



બેસવા કહ્યું. મોટરની ધૂનમાં ને ધૂનમાં પટેલ મેજની બાજુએ દીવાલને અઢેલીને મૂકેલી ખુરશીમાં બેસવા ગયા. મનમાં એમ, કે સાહેબની છેક નજીક બેસવાથી નિરાંતે વાત થઈ શકશે. પટેલ બેસવા જતા હતા એટલામાં ટોમીસાહેબે બૂમ મારી: 'અરે અરે, તૂટેલી છે ને સુધરાવવા મોકલવા જ બહાર કાઢી છે. પણ ટોમી સાહેબ પૂરું બોલે, તે પહેલાં તો પટેલ રૂઆબથી હાથમાંની લાકડી જમીન પર ટેકવતાં બેસી ગયા!

નેટોમી સાહેબ દોડી પહોંચે ઝટપટ ઊભા કર્યા ને હાથ જોડીને માફી માગી. પછી પાસેની આરામ ખુરસીમાં બેસાડયા. પટેલના ઢીંચણ છોલાઈ ગયેલા, પણ કહે કોને ?



તે પહેલાં તો પટેલ, તૂટેલા પાયાનીએ ત્રણપગી ખુરસીમાં બેસતાં જ અડબડિયું ખાઈ ગયા! હાથમાંની લાકડી છટકી ગઈ. પાઘડી તો સરકતી ભમરડો ફરે તેમ ચક્કર ચક્કર ફરતી છેક ઓરડા બહાર નાસી ગઈ! ટાંટિયા ઊંચા થઈ ગયા. જાણે ગોઠીમડું જ ખાધું! પટેલ નીચે ને ખુરસી ઉપર! પટેલના તો હોશકોશ ઊડી ગયા. પણ ટોમીસાહેબ શાણા હતા. પટેલને કમ્મરમાં પણ વાગેલું. છતાં બધું દરદ સહન કરતાં ઠાવકાઈથી ટોમીસાહેબને કહ્યું: 'કંઈ નહિ. બહુ નથી વાગ્યું. પણ તમારા જેવા સાહેબ લોક આવી ભાંગેલી ખુરસી, ઓફિસમાં રાખે તે સારૂ નહિ. બીજો કોઈ હોત તો તમને બરાબર બતાવી.

ટોમી સાહેબે બહુ જ નમ્રતા પૂર્વક કહ્યું: શેઠ સાહેબ, માફ કરજો, નોકરની ભૂલ થઈ છે.

ચિત્રમાં રંગ પુરો



અનારંભની સ્થિતિનો સ્વીકાર

જ્ઞાનજ્યોતિ
શ્રી ભિખુભાઈ ભરાડ

કેટલાક લોકો વિચાર્યા વિના ગમે તે કાર્યનો આરંભ કરી દે છે. કુટુંબમાં એકાદ વ્યક્તિ આવી હોય તો એના અનેક આદર્યા અધૂરા રહ્યા હોય જે પરિવારને બોઝિલ બનાવી દે છે. કંપનીઓમાં માલિકોમાંથી એકાદ પ્રયોગખોર વ્યક્તિ પણ આવી મનોવૃત્તિ ધરાવતી હોઈ શકે ! પોતાની ક્ષમતાઓની મર્યાદા અને પૂર્વાનુભવને ધ્યાનમાં રાખીને જ આગળ વધવું જોઈએ. કોર્પોરેટ અને ધર્મ એમ બંને ક્ષેત્રોમાં એવા મહાપુરૂષો જોવા મળે છે જેઓ આમ આરંભ કરે અને આમ ઝડપથી પ્રોજેકટ પૂરા કરે, તેઓ બંને વંદનીય હોય છે. પરંતુ સામાન્ય મનુષ્યે પોતાના આયુષ્યના એક બિંદુએ અનારંભની સ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ, કોઈ જ નવા કાર્યો આરંભ ન કરવા એટલે અનારંભ! અનારંભ ખરા અર્થમાં અર્ધ વૈરાગ્ય છે. નિવૃત્તિના પુણ્ય પ્રદેશનો જ્યાંથી પ્રારંભ થાય છે એ અનારંભ સ્થિતિ છે. આ શબ્દ આપણી ભારતીય સંસ્કૃતિએ આપેલો છે, અર્વાચીન યુગમાં દોડધામથી જ ટેવાયેલા મનુષ્ય માટે કદાચ આ નવો પણ સુંદર શબ્દ છે.

બ્રહ્મનો બૌદ્ધિક અનુભવ

શ્રી અરવિંદ જીવનધારા
ગુજરાત સાહિત્ય અકાદમી તેજલબહેન શાનડી

શ્રી અરવિંદને શિષ્યોએ પાછળથી પ્રશ્ન પૂછયો હતો કે શું તમને નાનાપણમાં અસાધારણ આધ્યાત્મિક અનુભવો થયા હતા ? ત્યારે તેમણે જણાવ્યું હતું : ના, બાળપણમાં મને કશા અસાધારણ ગણાય એવા આધ્યાત્મિક સાક્ષાત્કારો થયા ન હતા. મને ત્રણ જ યાદ છે. એક દાર્જિલિંગમાં થયો હતો. બીજો હું સ્વાર્થી સ્વભાવનો હતો, અને મને એની ખબર પડી અને માને આંતરમમાંથી એવું થયું કે મારે આ સ્વાર્થીપણું છોડી દેવું જોઈએ. અલબત્ત મેં મણી અપૂર્ણ રીતે એ જ્ઞાનનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો અને એ અનુભાવથી મારા આંતરિક જીવનમાં પલટો થયો. છેલ્લી અનુભૂતિ મેં ઈંગ્લન્ડ છોડયું તેના થોડા સમય પહેલાં જ થઈ હતી. એક રીતે એને અનંતનો, બ્રહ્માનો આધ્યાત્મિક નહીં પણ બૌદ્ધિક અનુભવ કહી શકાય. મને તે એક જ સત્તા વાસ્તવિક લાગી. બાકી બધું જાણે અસત્ છે, કંઈ જ નથી, એવું લાગેલું. પણ આ અનુભૂતિ થોડો જ સમય ટકી હતી. આ ઉપરાંત તેમને પોતાના અહિ કાર્યની એક ઝાંખી પણ આ ગાળામાં થઈ હતી. એ વિશે પણ એમણે શિષ્યોને વાર્તાલાપમાં જણાવ્યું હતું: હું ઘણો નાનો હતો, ત્યારથી **શેલીનું** માળ રિવોલ્ટ આફ ઈસ્લામ વાંચતો. એ મારૂ માનીતું કાવ્ય હતું. હું ફરી કામને વચતો, અલબત્ત પુરૂં સમજયા વિના. પણ મારા અંતરના કોઈ ભાગને એ ગામ ગયું હતું. એની એક સ્થાયી છાપ મારા ઉપર પડી તે એક આગાહી રૂપે હતી – કે જગતનું રૂપાંતર કરી નાંખે એવા કોઈ કાર્યમાં હું મારૂં જીવનસમર્પિત કરીને એની કાંતિ લાવવામાં ભાગ લઈશ. પરંતુ જગતનું પરિવર્તન કરી નાખનારએ કયું મહાન કાર્ય હતું એની ત્યારે તો તેમને બિલકુલ ખબર ન હતી. પણ એમના અંતરમાં આ આગાહી જરૂર થઈ ચૂકી હતી.

જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેતા

૪૦૦– સર્વ સાથે મૈત્રી ન થાય તો વાંધો નહી પણ કોઈ સાથે વેર ન કરો, વેર ન કરે એ મૈત્રી કર્યા જેવું છે.
૪૦૧–મૂર્તિમાં પ્રેમ રાખો.
૪૦૨– સર્વ મંત્રના આચાર્ય શિવજી હોવાથી શિવજીને ગુરૂ માની મંત્રવિદ્યા લેવી.
૪૦૩–જયાં બેઠા હોય ત્યાં ભક્તિ કરે તે ઉત્તમ.
૪૦૪– બીજાની નિંદા સાંભળવાથી પણ પાપ લાગે છે.
૪૦૫– જેની અપેક્ષા બહુ ઓછી છે તે અતિ ઉદાર થઈ શકે છે.
૪૦૬–માંગનારને ન આપવું એ મરણ સમાન છે.
૪૦૭– પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને જ ધન્ય છે. નિંદા સહન કરશો તો જ આગળ વધશો.
૪૦૮– જે વ્યક્તિ હાજર નથી તેના દોષનું વર્ણન કરવું એ નિંદા.
૪૦૯– ભૂતકાળનો વિચાર કરે એને ભૂત વળગ્યું છે એમ માનજો.

ધર્મશાસ્ત્રોના ઉપદેશ અનુસાર જીવન જીવો

માનસિક શાંતિનાં સચોટ ઉપાયો
લેખક શ્રી એન.અનંતનારાયનન્

આ દુનિયામાંથી આનંદપ્રમોદ ચૂસી લેવાનો પ્રયત્ન કરશો નહિ એવો પ્રયત્ન એ તો સાપની ઝેરી ફેણમાંથી અમૃત ખેંચી કાઢવાના પ્રયત્ન કરવા જેવું છે. આમ કરવાથી તો તમને નિરાશા, નિષ્ફળતા, વ્યગ્રતા અને દુઃખ મળશે. એના કરતા તો દુનિયા જેવી છે. તેવી તેને જાણી લો. દુનિયા તો તમામ અનુભવ અને ઉત્ક્રાંતિ માટે છે. માટે વધારે શાણા બનો અને પ્રત્યેક અનુભવે આધ્યાત્મિક સમૃદ્ધિમાં વધારો કરતા જાઓ. અનુભવ એ જ શિક્ષણ છે. અનુભવ એ મહાન શિક્ષક છે. માત્ર મૂર્ખા જ એવું સમજે છે. કે આ દુનિયા તેમના પોતાનાં મોજ–શોખ માટે બની છે. ધર્મશાસ્ત્ર કહે છે: "અનિત્યમ અસુખમ લોકમ્ ! અશાશ્વતમ ! દુઃખાલાયમ્ ! તમારા ધર્મગ્રંથોને માનપૂર્વક વાંચો, તેમના ઉપદેશો – બોધવાકયો હંમેશા યાદ રાખો, અને તેમન ઉપદેશાનુસાર જીવન જીવો. માનસિક શાંતિ માટે આ સિવાય બીજો માર્ગ નથી.

વિયોગ દુઃખ – મહાદેવ દેસાઇ

ગાંધી–ગંગા
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

સાજન જાતાં સે આંખોથી આંસુ ખરે;

જે દી લોચન વર્ષે લોહી, તે દી સાજન સાચાં જાણિયાં. સન ૧૯૧૭ નો ડિસેમ્બર મહિનો હતો. તે વેળા હું ગાંધીજીની સાથે તાજો તાજો જ જોડાયેલો હતો. મુસ્લિમ લીગની કલકત્તાની બેઠકે છીંદવાડામાં પરહેજ થયેલા અલીભાઈઓમાંના એકને સરનશીન બનાવેલા અને સરનશીનની ખુરશી ખાલી રાખી હતી. ગાંધીજીને ત્યાં જવાનું ખાસ આમંત્રણ હતું. બપોરે અમે ત્યાં ગયા, તો ઉર્દૂ તકરીરોની બહાર ચાલી રહી હતી. દરેક બોલનાર પળે પળે એવાં વચનો કાઢતો હતો કે તેને આખી બેઠક ઊઠીને ' આમીન, 'આમીન' કહી વધાવી લેતી હતી અને હરેક આંખમાંથી આંસુ સરતાં હતાં. કેટલાકનાં ડૂસકાંનો અને જોરથી રોવાનો અવાજ પણ સંભળાતો.

આ સમયે ગાંધીજીને બોલવાનું કહેવામાં આવ્યું. તેઓ રોવામાં ન જોડાયા, તેમણે તો શ્રોતાઓ પાસે કેટલાક સવાલોનો સીધો જવાબ માગ્યો. આ આંસુનો ધોધ ચાલી રહ્યો છે તે આંસુ શું સાચાં છે? એ તમારા દિલમાંથી નીકળે છે? જો તમને શોકત અલી અને મહમદ અલીના વિયોગનું દુખ ખરેખર લાગતું હોય, તો તમારી આંખમાંથી પાણી નહીં પણ આજે લોહી વહેવું જોઈએ. એ તમારાં આંસુ તમે બંને ભાઈઓને છોડાવવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ છો, પ્રાણ આકરા કરવાને માટે તૈયાર છો એ વાતની સાક્ષી પૂરતાં હોય તો સાચાં છે.

એ જ પ્રશ્નો આજે આપણે પોતાને પૂછી શકીએ છીએ. ગાંધીજીને વળાવવા જનાર સ્વજનો સે સાચાં હતાં? તેમની વિદાયના દિવસે અનેક ઘરોમાં ખૂણામાં બેસીને રોનારાઓનાં આંસુ સાચાં હતાં? જો સાચાં હોય, તો આપણે તેમના ગયા પછી શું કર્યું?

વિયોગદુઃખની વિહ્વળતાનું ચિત્ર આપણા સાહિત્યમાં બલ્કે જગતના સાહિત્યમાં ભરતના પાત્રમાં જેવું મળે છે તેવું કયાંયે નથી મળતું. ભરતને રામચંદ્રજીને વિદાય દેવાનો લહાવો નહોતો મળ્યો. ગાંધીજીને વિદાય દઈ તેમનો સંદેશ સાંભળવાનો જે લહાવો આપણામાંના કેટલાકને મળ્યો હતો, તે લહાવો ભરતના ભાગ્યમાં ન હતો. ભરતને પોતાના ભાઈના વિયોગના દુખની ખબર અયોધ્યા આવીને પડી, જે અયોધ્યામાં તેમનાં આંસુ લૂછીને તેમને સંસારનાં દુખ ક્ષણિક છે એમ સમજાવી રાજ લેવાનું સમજાવનારા સ્વજનો અરે, ગુરૂઓ પણ – પડેલા હતા. પણ ભરતે તેમાંના એકેની સલાહ કાને ન ધરી. તેને તો બધી સલાહ વિષમય લાગી. ક્ષણ પણ રામચંદ્રજીને જોયા વિના જીવવું તેને દુખરૂપ લાગ્યું. તત્ક્ષણ જ તેણે રામચંદ્રજીનાં દર્શને જવાનો, તેમના ચરણસ્પર્શ કરી ટાઢા થવાનો, બને તો તેમને અયોધ્યામાં પાછા લાવવાનો નિશ્ચય કર્યો.

ચાર ભાઈઓની વાર્તા

રંગ-વાર્તાઓ
વિક્રમ – વેતાલ
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

ચારે પુત્રોએ નક્કી કર્યું કે માતા–પિતાએ દરેક પુત્રને ત્યાં એક એક દિવસ રહેવું. આમ નક્કી કરીને ચારે પુત્રો પોત પોતાના ભાગમાં આવેલ મકાનમાં રહેવા વણિક પાસે મુડી સાવ નજીવી જ બાકી રહેલ. તારી ભાગ પડતાં દરેક પુત્રના ભાગે માત્ર પચ્ચીસ, પમીસ રૂપિયા જ આવેલ.

સૌથી મોટા ભાઈએ વિચાર્યું કે જો હું એક ઘોડો અરીદુ તો રાજયમાં અને વેપારીઓના ઘંધાના કામ કરી શકીશ અને જે મજૂરી મળે તેમાંથી હું મારા કુટુંબનો નિભાવ કરી શકીશ. આમ વિચારી એક ઘોડો ખરીદી લીધો,

બીજો ભાઈ એક ગાય ખરીદી લાવ્યો અને વિચાર્યું કે ગાયન દૂધનો ઘંધો કરી હું મારા કુટુંબનું ભરણ પોષણ કરીશ.

ત્રીજો ભાઈ જે કંજુસ અને આળસુ હતો. એને પોતાની પાસે બચાવેલ અને ભાગમાં આવેલ બન્ને રકમ વ્યાજે આપી વ્યાજની કમાણીથી ગુજરન ચલવવાનું નક્કી કર્યું. જયારે સૌથી નાનો ભાઈ બુદ્ધિશાળી અને મહેનતનું હતો. એને ગામ બહાર આવેલ પડતર જમીન ભગવાન પર ભરોસો રાખી ખરીદી અને ખેતીકામ કરવાનું નક્કી કર્યું. આમ ચારે ભાઈઓએ પોત પોતાનો ઘંધો શરૂ કર્યો અને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યા.

આમ વેતાલે વાર્તા અહીં પૂરી કરી.

સવાલ: વેતાલે રાજા વિક્રમને પ્રશ્ન કર્યો કે. ચારે ભાઈઓમાં કયો ભાઈ સમય જતાં ઘંધામાં સફળ થયો હશે ? તેમજ કયા ભાઈ સમય જતાં ઘંધામાં



સફળ થયો હશે ? તેમજ કયા ભાઈએ પોતાના માત–પિતાને જીવતા સુધી રાખ્યા હશે? એમને જણાવો.

જવાબ: રાજા વિક્રમે જવાબ આપતાં કહયું 'જગતમાં ખેતી–વાડીનો ઘંધો ઉતમ ઘંધો છે. ખેતી વાડીથી અનાજ ઉગે છે. એનાથી મનુષ્યની ભુખ સંતોષાય છે. આમ ખેતી કરવાથી ખેડૂત પોતે જીવે છે. અને બીજાને પણ જીવાડે છે. માટે સૌથી નાનો ભાઈ ઘંધામાં સફળ થયો હશે અને એનેજ પોતાના માતા–પિતાને જીવતા સુધી રાખ્યા હશે. એમ મારૂ માનવું છે.

વેતાલ રાજા વિક્રમના જવાબથી ઘણો ખુશ થયો. પરંતુ મૌન રહેવની શરતનો ભંગ થતાં એ ઉડી ગયો અને સિદ્ધ વૃક્ષની ડાળીએ ફરીથી ઉંધો થઈને લટકી ગયો. વિક્રમ રાજા થાકી ગયેલ તેથી મહેલે પાછા ફર્યા.

બોધ: જીંદગીમાં દરેક કામ સમજી વિચારીને કરવું જોઈએ.

આ મારું ચિત્ર છે



વાળા રિયાંશી
(ધોરણ – ૨) પ્રા.શાળા–ટીંબલા)

રાહુલ નરેશભાઈ વાઘેલા
(ધો.૭(બી) પાલિયા પ્રા.શાળા–પાલિયા)



કનાળા પ્રાંજલ જનકભાઈ
(ધો.૬) પાલિયા પ્રા.શાળા–પાલિયા)

જેનીસ કમલેશભઈ
(ધો.૮(બી) પાલિયા પ્રા.શાળા–પાલિયા)

કુંકાવાવનાં સનાળા મુકામે સૌની યોજના અંતર્ગત નિર્મિત ન્યુ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી કૌશિકભાઇ વેકરીયા










અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાનાં સનાળા મુકામે કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે સૌની યોજના લીંક–૪, પેકેજ–૬ અંતર્ગત નિર્મિત ''ન્યુ સ્કાવર વાલ્વ''નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂા. ૨.૨૪ કરોડનાં ખર્ચે 'સેની યોજના''ની હયાત પાઈપ લાઈનમાં નાની કુંકાવાવ અને સનાળા ગામે સ્કાવર વાલ્વનું આ મહત્વપૂર્ણ વિકાસકામ પૂર્ણ થતા સ્થાનિક ખેડૂતોનું વર્ષો જૂનું સપનું સાકાર થયું છે. આ ન્યુ સ્કાવર વાલ્વ કાર્યરત થવાથી સનાળા સહિત આસપાસના વિસ્તારોની કુલ ૨૦૦ હેકટર જમીનને સિંચાઈનાં પાણીનો સીધો લાભ મળશે. ખાસ કરીને ''સૌની યોજના''નાં નીર થકી કુંકાવાવ તાલુકાનાં નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, સનાળા, જુના બાદનપુર અને નવા બાદનપુર ગામના તળાવો અને ચેકડેમો છલકાશે, જેના કારણે ખેડૂતોને ખેતી માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થશે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલા એવી વાતો થતી હતી કે, નર્મદા નદીનાં પાણી સૌરાષ્ટ્રનાં છેવાડાનાં વિસ્તારો સુધી પહોંચાડવા એ માત્ર લોભામણી જાહેરાતો જ છે, પરંતુ આજે સૌની યોજના થકી એ વાતો હકીકત બની ચૂકી છે અને નર્મદાનાં નીર છેક અમરેલીનાં સનાળા મુકામે પહોંચ્યા છે. આ સ્કાવર વાલ્વની કામગીરી પૂર્ણ થતા આ વિસ્તારના ખેડૂતોની પાણીની સમસ્યા કાયમી માટે ભૂતકાળ બનશે. રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાનાં વિકાસકામો સતત તેજ ગતિએ આગળ ધપી રહ્યા છે. ખેડૂતોના પ્રશ્નો હોય કે રોડ–રસ્તાની સુવિધા હોય, દરેક ક્ષેત્રે સરકાર દ્વારા નક્કર આયોજન સાથે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. અમરેલી, કુંકાવાવ અને વડીયા વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં તાજેતરમાં જ તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે અને ભૂગર્ભ જળસ્તર ઊંચા આવતા જળ સંરક્ષણનાં લાભો ખેડૂતો સુધી પહોંચ્યા છે. ન્યુસ્કાવર વાલ્વનાં લોકાર્પણ કાર્યક્રમમાં ગ્રામજનોએ રાજયમંત્રીનું ઉમળકાભેર સ્વાગત કરીને રાજય સરકારનો સહર્ષ હાર્દિક ધન્યવાદ વ્યક્ત કર્યો હતો. ન્યુસ્કાવર વાલ્વનાં લોકાર્પણ પ્રસંગે કુંકાવાવ તાલુકા પંચાયતનાં હોદ્દેદારઓ, અગ્રણી પી.વી. વસાણી, સ્થાનિક આગેવાનો, સ્થાનિક પદાધિકારીઓ, સનાળા સહિત ગામના સરપંચઓ, સિંચાઈ વિભાગનાં અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગંભીર આરોપ

ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી વિવાદમાં ઘેરાયા

યુવાનને માર મારવા, ધંધો બંધ કરવા અને ગામ છોડી દેવાની ધમકી આપ્યાનો આક્ષેપ, પોલીસે અરજી સ્વીકારી તપાસ હાથ ધરી

જૂનાગઢ,તા.૨૦

ગુજરાતમાં રાજકીય નેતાઓના વિવાદાસ્પદ નિવેદનો અને વર્તનને લઈને ચર્ચાઓ વચ્ચે જૂનાગઢ જિલ્લાના માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી વિવાદમાં સપડાયા છે. ધારાસભ્યનો એક યુવક સાથે ગાળાગાળી અને ઉગ્ર બોલાચાલી કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ હવે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મનીષ ઝાલાવાડિયા નામના વ્યક્તિએ ધારાસભ્ય અરવિંદ લાડાણી વિરુદ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી છે.

ફરિયાદી મનીષ ઝાલાવાડિયાએ પોતાની લેખિત અરજીમાં આક્ષેપ કર્યો છે કે ધારાસભ્ય અરવિંદ લાડાણીએ તેમની સાથે મારામારી કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, તેમને ગામ છોડી દેવા તેમજ પોતાનો ધંધો બંધ કરી દેવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વંથલી પોલીસે ફરિયાદીની લેખિત અરજી સ્વીકારી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આ સમગ્ર ઘટના ત્યારે બની હતી જ્યારે યુવક વંથલીથી માણાવદર તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં ધારાસભ્ય અરવિંદ લાડાણી સાથે તેનો સામનો થતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ધારાસભ્ય ગુસ્સામાં જોવા મળ્યા હતા. વાયરલ વીડિયોમાં યુવકને અપશબ્દો બોલવામાં આવતા હોવાનું પણ જોવા મળે છે. ધારાસભ્ય દ્વારા યુવક સાથે મારામારી અને ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપો પણ થયા છે.

વાયરલ વીડિયોમાં ધારાસભ્ય દ્વારા યુવક સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત યુવકને માણાવદર છોડી દેવાની ધમકી અપાઈ હોવાનો પણ આરોપ છે. આ ઘટનાથી યુવક અને તેનો પરિવાર ચિંતામાં મુકાયો હોવાનું સામે આવ્યું છે. પરિવાર દ્વારા ઘરવખરીનો સામાન પેક કરવાની તૈયારી કરવામાં આવી હોવાનો પણ અહેવાલ છે.

હાલમાં આ મામલે પોલીસ સમક્ષ લેખિત અરજી કરવામાં આવી છે. હવે પોલીસ તપાસમાં સમગ્ર ઘટનાની હકીકત શું બહાર આવે છે અને ધારાસભ્ય સામે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે. નોંધનીય છે કે આ તમામ બાબતો હાલ ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો છે, જેની સ્વતંત્ર પુષ્ટિ તપાસ બાદ જ થઈ શકશે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૬૬૦	૧૯૦૨
૨	મગફળી	૧૧૦૦	૧૫૨૫
૩	ઘઉં	૫૪૫	૫૪૫
૪	ચણા	૧૪૫૩	૧૪૭૦
૫	તુવેર	૧૫૦૦	૧૭૫૦
૬	ધાણા	૨૫૫૦	૨૮૮૦
૭	તલ	૩૦૦૦	૩૦૦૦
૮	સફેદ ચણા	૧૬૧૬	૧૮૦૦
૯	એરંડા	૧૧૨૫	૧૧૨૫
૧૦	કલોંજી	૨૫૦૦	૨૫૦૦
૧૧	શીંગદાણા	૧૭૦૦	૧૭૦૦
૧૨	મકાઈ	૫૬૦	૬૦૫
૧૩	સોયાબીન	૧૩૧૫	૧૪૭૭

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૩૦	૧૫૩૦
૨	ગીરનાર શીંગ	૧૧૫૫	૧૫૫૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૫૭૦
૪	શિંગદાણા ફાડા	૧૫૦૦	૨૦૨૦
૫	તલ સફેદ	૨૫૦૦	૩૭૦૦
૬	તલ કાળા	૨૮૦૦	૪૨૦૦
૭	તલ કાશ્મીરી	૩૧૪૦	૩૨૬૫
૮	બાજરો	૪૮૦	૬૨૫
૯	જુવાર	૭૧૫	૧૪૬૦
૧૦	ઘઉં ટુકડા	૫૨૫	૭૬૫
૧૧	ઘઉં લોકવન	૫૪૫	૬૬૦
૧૨	અડદ	૧૫૦૦	૧૮૦૫
૧૩	ચણા	૧૧૦૦	૧૫૩૫
૧૪	ચણા દેશી	૧૬૦૫	૧૬૦૫
૧૫	સફેદ ચણા	૧૩૬૦	૧૪૫૦
૧૬	તુવેર	૯૪૦	૧૮૦૫
૧૭	કપાસ	૧૦૮૦	૧૮૬૦
૧૮	એરંડા	૧૪૫૦	૧૫૩૦
૧૯	જીરૂ	૧૭૨૫	૫૨૨૦
૨૦	ધાણી	૨૬૦૦	૩૩૩૦
૨૧	સોયાબીન	૧૧૪૦	૧૫૧૫
૨૨	રજકાનું બી	૨૪૦૦	૬૦૫૦
૨૩	મરચા લાંબા	૨૬૬૦	૫૨૦૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૦	૧૯૫૧
૨	કપાસ મીડીયમ	૧૬૪૦	૧૭૭૦
૩	મગફળી	૧૩૮૦	૧૫૬૦
૪	તલ કાળા	૩૬૮૦	૪૧૫૦
૫	જીરૂ	૪૯૫૦	૫૩૫૧
૬	ચણા	૧૪૬૧	૧૫૧૦
૭	ઘઉં	૫૮૦	૬૨૧
૮	અડદ	૧૭૪૦	૧૮૩૦
૯	સોયાબીન	૧૫૧૦	૧૫૨૧

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૨૦	૨૨૦૦
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૫૦
૩	તલ સફેદ	૩૨૦૦	૩૫૫૧
૪	તલ કાળા	૩૩૦૧	૩૮૫૧
૫	જીરૂ	૪૮૦૦	૫૧૧૧
૬	કપાસ	૧૮૧૧	૧૯૦૧
૭	ઘઉં લોકવન	૫૫૭	૬૧૮
૮	ઘઉં ટુકડા	૫૭૫	૬૫૧
૯	જુવાર	૧૪૬૧	–
૧૦	મકાઈ	૬૮૧	–
૧૧	ચણા	૧૩૦૦	૧૪૭૬
૧૨	દેશી ચણા	૧૪૩૧	–
૧૩	તુવેર	૧૮૦૦	૧૮૫૦
૧૪	ધાણા	૩૧૦૦	૩૨૪૨
૧૫	સોયાબીન	૧૪૦૦	૧૪૮૯

પાના ૧ ઉપરનું ચાલું

યુવતીની છેડતી કરતા ફરિયાદ

પરેશભાઈ મનુભાઈ શેરા તેમની પાસેથી એક માટલું લઈ ગયા હતા. જોકે, માટલું તૂટી ગયું હોવાનું જણાવી તેઓ આજે બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં માટલું બદલાવવા માટે પ્રવીણભાઈના ઘરે પહોંચ્યા હતા.

આ દરમિયાન તેઓની દીકરી માટલું બદલાવવા માટે ઘરના ધાબા ઉપર રાખેલાં માટલાં લેવા ગઈ હતી. આક્ષેપ મુજબ, તેની પાછળ પરેશભાઈ પણ ધાબા ઉપર પહોંચી ગયા હતા અને યુવતીનો હાથ પકડી લીધો હતો. જેથી યુવતીએ બૂમાબૂમ કરી પિતાને મદદ માટે બોલાવ્યા હતા.

દીકરીની બૂમ સાંભળીને તેઓ તાત્કાલિક ધાબા ઉપર દોડી ગયા હતા. જ્યાં આરોપીએ યુવતીને ધક્કો મારી નીચે પાડી દીધી હોવાનો તેમજ તેની સાથે ઝપાઝપી કરી તેમનો કાઠલો પકડી હાથ ઉપર બચકું ભર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દરમિયાન ગાળાગાળી પણ કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ ઘટનાથી ઉશ્કેરાઈને શખ્સે ઘરમાં રાખેલાં માટલાંની તોડફોડ કરી નાખતાં અંદાજે રૂ. ૩૦ હજારનું નુકસાન થયું હોવાનું પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું છે. બનાવમાં ઈજાગ્રસ્ત પિતા અને પુત્રીને તાત્કાલિક બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંને સારવાર હેઠળ છે.

બાબરા પોલીસ સ્ટેશનના ટાઉન જમાદાર શિવભાઈ મકવાણાના જણાવ્યા મુજબ, આ બનાવ અંગે ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

શહેરના અમરેલી રોડ જેવા વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકવેપારીઓ અને નાગરિકોમાં ચિંતાની લાગણી પ્રસરી છે. બનાવની યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી રહી છે.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૩૩	૧૮૭૭

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૦	૧૮૭૭
૨	મગફળી	૧૩૨૧	૧૪૫૨
૩	ચણા	૧૩૫૨	૧૪૫૨
૪	જુવાર	૧૭૯૬	૧૭૯૬
૫	તલ કાળા	૨૭૧૧	૩૬૦૦
૬	તલ સફેદ	૩૩૫૧	૩૩૫૧
૭	સોયાબીન	૧૩૭૦	૧૪૧૫
૮	અડદ	૧૭૧૦	૧૭૧૦
૯	બાજરો	૫૪૧	૫૪૧
૧૯	મગ	૧૭૮૦	૧૭૮૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૦૦	૧૯૦૪
૨	ઘઉં ટુકડા	૫૪૩	૬૨૬
૩	ઘઉં ટુકડા	૫૨૫	૫૮૦
૪	મગફળી	૧૧૦૦	૧૫૨૦
૫	ચણા	૧૨૭૦	૧૪૩૧
૬	સોયાબીન	૧૩૯૦	૧૪૭૨
૭	જુવાર	૮૫૫	૮૫૫
૮	તુવેર	૧૧૦૦	૧૧૦૦
૯	ચણા સફેદ	૧૩૨૦	૧૩૨૦
૧૦	ધાણા	૨૫૦૦	૩૦૬૦
૧૧	વાલ	૮૦૦	૮૦૦
૧૨	અડદ	૧૪૧૫	૧૮૦૦
૧૩	તલ કાળા	૩૫૩૫	૩૮૫૦

પાના ૧ ઉપરનું ચાલું

ગામખ્વાર ત્રિપલ અકસ્માત

જે.–૧૮ ઝેડ.ટી.–૩૬૬૦ શેત્રુંજી નદીના પુલ નજીક પસાર થતી હતી ત્યારે એક ચાર સવારી બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન એક બોલેરો વાહન પણ અકસ્માતમાં સંડોવાયું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર પરિવારના સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતા ત્રણના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા જયારે મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

આ ઘટનામાં ગોગનભાઈ બટુકભાઈ સોલંકી (ઉંમર ૩૭ વર્ષ), તેમનો ચાર વર્ષનો પુત્ર નીતિન ગોગનભાઈ સોલંકી (ઉંમર ૪ વર્ષ) અને માત્ર છ માસની પુત્રી ધૃતિ ગોગનભાઈ સોલંકી (રહે. દેવળીયા)નાં ઘટના સ્થળે મોત નિપજયાં હતાં. જયારે હિરલબેન ગોગનભાઈ સોલંકીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ ઉપરાંત એસ.ટી. બસના ચાલક મેહુલ વાળા (રહે. સાવરકુંડલા)નું પણ ઘટના સ્થળે જ મોત થયું હતું.

એક જ પરિવારના ચાર સભ્યોનાં મોતથી દેવળીયા સહિતના પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આમ, એકજ પરિવારના ચાર સભ્યો માતા–પિતા અને બે માસૂમ સંતાનોના મોત થતાં પરિવાર પર આભ તૂટી પડયું છે.

અમરેલી–સાવરકુંડલા હાઈવે પર સર્જાયેલા આ હૃદયદ્રાવક અકસ્માતે સલામત મુસાફરીના દાવાઓ વચ્ચે માર્ગ સલામતી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને એક જ પરિવારના બે માસૂમ બાળકો અને માતા–પિતાના મોતની ઘટનાએ સમગ્ર જિલ્લામાં શોકની લાગણી ફેલાવી છે.

પાંચ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક દોડી

અકસ્માની જાણ થતાં જ અમરેલી બાલભવન, પંચાયત કચેરી, આઈસીયુ ૧૦૮, લીલીયા અને ચલાલા સહિતની પાંચ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકો અને પોલીસના સહયોગથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ મૃતકોના મૃતદેહો પણ હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હાઈવે પર અફરાતફરી, પોલીસ અને એસ.ટી. તંત્રનો કાફલો દોડયો

અકસ્માની જાણ થતાં જ ઘટના સ્થળે સ્થાનિક લોકોનાં ટોળાં ઉમટી પડયાં હતાં. અમરેલી તાલુકા પોલીસનો કાફલો તેમજ એસ.ટી. નિગમના ડેપો મેનેજર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ ઘટનાની જાણ થતાં રાજય મંત્રી કૌશિક વેકરીયા, અમરેલીના સાંસદ ભરત સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિત ભાજપના આગેવાનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

બોલેરો અકસ્માત બાદ સ્થળ પરથી ફરાર થયાની ચર્ચા

અકસ્માની ઘટનામાં એસ.ટી. બસ અને બાઈક ઉપરાંત બોલેરો વાહન પણ સંડોવાયું હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ બોલેરો ગાડી ઘટના સ્થળેથી ફરાર થઈ ગઈ હોવાની સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે. જોકે, અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને ત્રણેય વાહનોની ભૂમિકા શું હતી ? તે અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતની ચોક્કસ હકીકત પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૦૦	૧૫૦૬
૨	તલ કાળા	૩૧૦૦	૩૫૦૦
૩	કપાસ	૧૭૬૦	૧૮૬૬
૪	બાજરો	૫૧૫	૬૧૦
૫	ઘઉં ટુકડા	૫૬૦	૭૦૭
૬	જુવાર	૧૬૦૧	૧૭૭૦
૭	મકાઈ	૬૮૨	૬૮૨
૮	મગ	૨૦૨૮	૩૫૦૦
૯	અડદ	૧૪૦૧	૧૯૦૦
૧૦	ચણા	૧૩૦૦	૧૬૦૦
૧૧	મેથી	૧૩૩૦	૧૩૩૦
૧૨	સોયાબીન	૮૦૦	૧૪૯૧

સંગઠન મજબૂત કરવા કોંગ્રેસે શરૂ કરી કવાયત

૨૦૨૭ની ચૂંટણીના એક વર્ષ પહેલાં ગુજરાત કોંગ્રેસ એક્શનમાં

અમિત ચાવડા-જગદીશ ઠાકોર સહિતના નેતાઓની બેઠક

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન ગુજરાત કોંગ્રેસે પણ સંગઠનને મજબૂત બનાવવા માટે કવાયત તેજ કરી છે. અમદાવાદ ખાતે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાના અધ્યક્ષસ્થાને પક્ષના વરિષ્ઠ આગેવાનોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિતના સિનિયર નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષના સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે પક્ષની કામગીરીને વધુ સક્રિય બનાવવી, કાર્યકરો સાથે સીધો સંપર્ક વધારવો અને સંગઠનમાં સંકલન મજબૂત કરવાના મુદ્દાઓ પર આગેવાનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ સિનિયર નેતાઓ સાથે આગામી દિવસોમાં હાથ ધરવાની સંગઠનાત્મક પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી હતી. પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિતના આગેવાનોએ પોતાના અનુભવોના આધારે સૂચનો રજૂ કર્યા હતા. ચૂંટણી પૂર્વે પક્ષની તૈયારીઓને વ્યવસ્થિત બનાવવા અને કાર્યકરોમાં ઉત્સાહ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કોંગ્રેસ માટે આગામી સમયમાં સૌથી મોટો પડકાર સંગઠનને પાયાના સ્તરે સક્રિય કરવાનો રહેશે. સ્થાનિક સ્તરે જનસંપર્ક વધારવો, લોકોના પ્રશ્નોને વાચા આપવી અને પક્ષના કાર્યક્રમોને વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવા અંગે પણ ચર્ચા થઈ હતી.

ગુજરાત કોંગ્રેસની આ બેઠકને આગામી વિધાનસભા ચૂંટણીની પૂર્વતૈયારીના ભાગરૂપે જોવામાં આવી રહી છે. સિનિયર નેતાઓને સાથે રાખીને સંગઠનાત્મક ચર્ચાઓ શરૂ કરવી એ પક્ષની ચૂંટણીલક્ષી કવાયતનો મહત્ત્વનો હિસ્સો છે. આગામી દિવસોમાં કોંગ્રેસ સંગઠન દ્વારા વધુ બેઠકો અને કાર્યક્રમો યોજવામાં આવે તેવી શક્યતા છે. હવે જોવાનું એ રહેશે કે અમદાવાદમાં યોજાયેલી આ બેઠક બાદ ગુજરાત કોંગ્રેસ સંગઠનને કેટલું સક્રિય બનાવી શકે છે અને આગામી સમયમાં ચૂંટણીલક્ષી તૈયારીઓને કઈ દિશામાં આગળ વધારે છે.

નિફ્ટી ૨૫,૮૦૦ને પાર

શેરબજારમાં જોરદાર તેજી સેન્સેક્સ ૮૯૮ પોઇન્ટ ઉછળ્યો

બેંકિંગ અને IT શેરોમાં ભારે ખરીદીથી બજારમાં ઉત્સાહ; રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૧૮ લાખ કરોડનો વધારો

મુંબઈ, તા.૨૦

ભારતીય શેરબજારમાં શુક્રવારે જોરદાર તેજી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં નબળા સંકેતો છતાં સ્થાનિક રોકાણકારોની ખરીદી અને વિદેશી રોકાણકારોના વધતા રોકાણને કારણે સેન્સેક્સ અને નિફ્ટી ઊંચા સ્તરે બંધ થયા હતા. બેન્કિંગ, ફાઇનાન્સ, IT અને ઓટોમોબાઇલ ક્ષેત્રના શેરોમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. શુક્રવારના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૮૯૭.૯૬ પોઇન્ટ એટલે કે ૧.૦૮ ટકા વધીને ૮૩,૯૧૯.૭૧ પર બંધ રહ્યો હતો. જ્યારે NSE નિફ્ટી ૨૮૬.૩૦ પોઇન્ટ એટલે કે ૧.૧૨ ટકા વધીને ૨૫,૮૦૦.૬૦ના સ્તરે પહોંચ્યો હતો. બંને મુખ્ય ઇન્ડેક્સ નવ મહિનાની ઊંચી સપાટીએ બંધ થયા હતા.

બજારમાં બેન્કિંગ અને ફાઇનાન્સ ક્ષેત્રના શેરોએ તેજીને વેગ આપ્યો હતો. HDFC બેન્ક, એક્સિસ બેન્ક, ICICI બેન્ક અને કોટક મહિન્દ્રા બેન્કમાં સારી ખરીદી જોવા મળી હતી. અપોલો હોસ્પિટલ્સ, મેક્સ હેલ્થકેર અને મારુતિ સુઝુકીના શેરોમાં પણ નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો.

તેજી નોંધાવનારા મુખ્ય શેરોમાં અપોલો હોસ્પિટલ્સ, એક્સિસ બેન્ક, મેક્સ હેલ્થકેર, મારુતિ સુઝુકી અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ થયો હતો. બીજી તરફ ટાઇટન, ટાટા સ્ટીલ, NTPC અને હિન્દુસ્તાન યુનિલિવરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

બજારમાં આવેલી તેજીને કારણે BSEમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન અગાઉના સત્રના આશરે રૂ. ૫૧૧.૯૭ લાખ કરોડથી વધીને રૂ. ૫૧૪.૧૫ લાખ કરોડ થયું હતું. એટલે કે એક જ દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં આશરે રૂ. ૨.૧૮ લાખ કરોડનો વધારો થયો હતો.

નવેમ્બર મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાં નોંધપાત્ર રોકાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ભારતીય રૂપિયાની મજબૂતીથી પણ બજારના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

આગામી સપ્તાહમાં વિદેશી રોકાણકારોની ખરીદી, વૈશ્વિક બજારોની સ્થિતિ, ક્રૂડ ઓઇલના ભાવ, રૂપિયાની ચાલ અને કંપનીઓનાં પરિણામો બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ રહેશે. સતત ચાર સપ્તાહની તેજી બાદ રોકાણકારો નફારૂપી વેચવાલી કરે છે કે ખરીદી ચાલુ રાખે છે તેના પર પણ બજારની નજર રહેશે.

ભાજપે વિદેશ નીતિને લઈને કર્યો વળતો પ્રહાર

ટ્રમ્પ, પુતિન અને જિનપિંગની તસવીર શેર કરી રાહુલ ગાંધીનો PM મોદી પર કટાક્ષ

રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તામાં હોત તો ભારતના વડાપ્રધાન પણ આ ટેબલ પર બેઠા હોત

નવી દિલ્હી, તા.૨૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની એકસાથે બેઠેલી તસવીરને લઈને ભારતીય રાજકારણમાં ચર્ચા શરૂ થઈ છે.

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. તેમના નિવેદન બાદ ભાજપે પણ કોંગ્રેસની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવીને વળતો જવાબ આપ્યો છે.

રાહુલ ગાંધીએ ત્રણેય વૈશ્વિક નેતાઓની તસવીર શેર કરતાં લખ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તામાં હોત તો ભારતના વડાપ્રધાન પણ આ ટેબલ પર બેઠા હોત. આ સાથે તેમણે વડાપ્રધાન મોદી માટે Comp romised PM શબ્દનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારની વિદેશ નીતિ અને વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકા અંગે કટાક્ષ કર્યો હતો. તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. આ તસવીર ચીનના શેનઝેનમાં યોજાયેલી ત્રણેય નેતાઓની મુલાકાત સાથે જોડાયેલી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ



અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાતને વૈશ્વિક રાજદ્વારી દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. આ જ તસવીરને આધારે રાહુલ ગાંધીએ ભારતની વૈશ્વિક કૂટનીતિ અને વડાપ્રધાનની આંતરરાષ્ટ્રીય હાજરી અંગે સવાલ ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીના નિવેદન બાદ ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ સોશિયલ મીડિયા પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કોંગ્રેસના શાસનકાળની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવતાં આક્ષેપ કર્યો હતો કે અગાઉની સરકાર દરમિયાન ભારતની વિદેશ નીતિમાં પાકિસ્તાનને વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું અને દેશની સુરક્ષા સાથે સમજૂતી કરવામાં આવી હતી. પ્રદીપ ભંડારીએ વર્ષ ૨૦૧૩માં ભારતની BRICSમાં ભૂમિકા નબળી પડી હોવાનો દાવો પણ કર્યો હતો. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની સ્થાયી સભ્યપદની ચર્ચામાં કોંગ્રેસ સરકારની ભૂમિકા અંગે પણ તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

ત્રણ વૈશ્વિક નેતાઓની તસવીરથી શરૂ થયેલી આ ચર્ચાએ ભારતની વિદેશ નીતિ, આંતરરાષ્ટ્રીય સંબંધો અને વૈશ્વિક મંચ પર દેશના પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓને ફરી રાજકીય ચર્ચાના કેન્દ્રમાં લાવ્યા છે. એક તરફ કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારની કૂટનીતિ પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે, તો બીજી તરફ ભાજપે કોંગ્રેસના ભૂતકાળના શાસનનો ઉલ્લેખ કરીને જવાબ આપ્યો છે.

ઉદ્યોગપતિઓ સાથેની બેઠક મુદ્દે રાહુલના મોદી પર પ્રહારો

ટેક્સ ઘટાડ્યો તોય નોકરીઓ ન વધી, આ સરકારની કબૂલાત

MSME, નોટબંધી, GST, એકાધિકાર અને ભૂખ અંગે વડા પ્રધાનની ટિપ્પણી પર વિપક્ષી નેતાનો કટાક્ષ

નવી દિલ્હી, તા. ૨૦

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉદ્યોગપતિઓ સાથેની મુલાકાત અને તેમાં કરાયેલી ટિપ્પણીઓ પર આકરા પ્રહારો કરતાં સરકારની આર્થિક નીતિઓ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે વડા પ્રધાને ઉદ્યોગપતિઓને ટોણો મારતા કહ્યું હતું કે ટેક્સમાં ઘટાડા છતાં ન તો પગાર વધ્યા છે અને ન તો નવી નોકરીઓનું સર્જન થયું છે; તેમના મતે આ ઉદ્યોગપતિઓ પરનો આરોપ નહીં, પરંતુ ખુદ વડા પ્રધાન દ્વારા કરાયેલી કબૂલાત છે.

ભૂખ સંતોષી ન શકાય તેટલી તીવ્ર હોવાના વડા પ્રધાનના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું કે આ વાત સાચી છે, પરંતુ આ ભૂખ કોની છે તે દેશના લોકો સારી રીતે જાણે છે.

રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે એરપોર્ટ, બંદરો, ખાણો, જંગલો, વીજળી, કોલસો અને રસ્તાઓ જેવા દેશના મુખ્ય સંસાધનો તથા માળખાગત સુવિધાઓ સોંપાયા બાદ પણ કોર્પોરેટ જગતે યુવાનોને કેટલી નોકરીઓ આપી. તેમણે કહ્યું કે નાના વ્યવસાયો અને MSME સૌથી મોટા રોજગાર સર્જક રહ્યા છે, પરંતુ નોટબંધી અને GSTના ખામીયુક્ત અમલીકરણે તેમને નબળા પાડ્યા છે તથા પ્રામાણિકપણે સ્પર્ધા કરતી મોટી કંપનીઓ માટે પણ સમાન તકો ઘટી છે. એકાધિકાર રોજગાર નહીં પરંતુ ફુગાવો વધારે છે અને સ્વસ્થ સ્પર્ધા ખતમ કરે છે તેમ જણાવતા તેમણે "તમે કરો, અમે સંભાળી લઈશું"ની માનસિકતા પર કટાક્ષ કરીને સરકાર અને તેના સાથીઓ પર લૂંટનો આક્ષેપ કર્યો હતો.

સભામાં તાળીઓ ન પડવા અંગે કટાક્ષ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે વડા પ્રધાનને ખરાબ લાગવું ન જોઈએ, કારણ કે સરકારની નીતિઓએ કોઈ પણ વર્ગને તાળી પાડવાની સ્થિતિ રહેવા દીધી નથી. મોંઘવારીથી ઉદ્યોગપતિઓ, નાના વેપારીઓ, ગરીબ-મધ્યમ વર્ગ અને બેરોજગાર યુવાનો સહિત સૌ કોઈ પ્રભાવિત થયા હોવાનું જણાવી તેમણે કહ્યું કે જો સરકાર તાળીઓ અને થાળીઓ વગાડાવવા માંગતી હોય તો તે તેના બાકીના સમર્થકો પાસે કરાવે.

દર મહિને ૭ દિવસ ઉત્તર પ્રદેશમાં રહેશે

મિશન યુપી ૨૦૨૭ માટે અમિત શાહ મેદાનમાં

મહિલા મતદારો અને સીટ શેરિંગ પર ખાસ ફોકસ રહેશે

લખનૌ/નવી દિલ્હી, તા. ૨૦

ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજકીય હલચલ તેજ બની છે. રાજ્યમાં સતત બે ટર્મ બાદ ફરી સત્તા મેળવી હેટ્રિક નોંધાવવા માટે ભાજપે જમીની સ્તરે કવાયત શરૂ કરી છે. મથુરામાં યોજાયેલી મહત્વપૂર્ણ ચિંતન બેઠક બાદ મિશન યુપી ૨૦૨૭ની કમાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંભાળી હોવાનું જાણવા મળ્યું છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણી પ્રચારને વેગ આપવા અને જમીની સ્થિતિનો તાગ મેળવવા અમિત શાહ દર મહિને ઓછામાં ઓછા સાત દિવસ ઉત્તર પ્રદેશમાં વિતાવશે.

અમિત શાહના આ પ્રવાસો દરમિયાન બૂથ સ્તરના સંચાલન, સંગઠન અને સરકાર વચ્ચે સંકલન તેમજ પ્રાદેશિક સમીકરણો સાધવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમની સાથે પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓને પણ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી છે, જેથી ચૂંટણી અગાઉ વિપક્ષની રણનીતિનો મજબૂત જવાબ આપી શકાય.

મહિલા મતદારોને આકર્ષવા માટે ભાજપે માઈક્રો-લેવલ આયોજન કર્યું છે, જે હેઠળ રાજ્યની તમામ ૪૦૩ વિધાનસભા બેઠકો પર મહિલા કાર્યકરોને તૈનાત કરાશે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ સાથે સીધો સંવાદ સાધીને રાજ્ય સરકારની કામગીરી રજૂ કરાશે. આ કવાયતના ભાગરૂપે રાજસ્થાનથી આશરે ૫૦ મહિલા કાર્યકરો ઉત્તર પ્રદેશ આવશે, જેમને લખનઉમાં ત્રણ દિવસની તાલીમ આપ્યા બાદ વિવિધ મતવિસ્તારોમાં મોકલાશે. આ કાર્યકરો રાજ્યમાં મહિલાઓ માટે સુરક્ષિત વાતાવરણનો સંદેશ આપવા પર ભાર મૂકશે. બીજી તરફ, ગઠબંધનના સહયોગી પક્ષો સાથે સીટ શેરિંગની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. સહયોગી દળો સાથે ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપરાંત બ્રજેશ પાઠક (અપના દળ-એસ), પંકજ ચૌધરી (નિષાદ પાર્ટી) અને કેશવ પ્રસાદ મૌર્ય (સુભાસપા) સહિત ચાર નેતાઓને જવાબદારી સોંપાઈ છે.

બેઠકોની વહેંચણીમાં સંખ્યા ઉપરાંત પ્રાદેશિક સમીકરણ, સંગઠનની તાકાત અને ઉમેદવારની જીતવાની ક્ષમતા જેવા પરિબળો મહત્વના રહેશે, જેમાં આરએલડી માટે મહત્તમ ૧૮ અને સુભાસપા માટે લગભગ ૧૦ બેઠકો સુધીના વિકલ્પો અંગે ચર્ચા ચાલી રહી હોવાનું સૂત્રો જણાવે છે.

અમરેલીના ખેડૂતોની ચિંતા વધી

ઠંડીના અભાવે આંબા પર મોર ઓછો આવવાની ભીતિ

અમરેલી જિલ્લામાં ૮ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં આંબાની ખેતી, સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલાના બાગાયતકારોની ચિંતા વધી

અમરેલી,તા.૨૦

ગુજરાતમાં કેસર કેરીના ઉત્પાદન માટે જાણીતા અમરેલી જિલ્લામાં આ વર્ષે ખેડૂતોને વાતાવરણની ચિંતા સતાવી રહી છે. દિવાળીના તહેવારો વીતી ગયા હોવા છતાં ઠંડીનું પ્રમાણ અપેક્ષા મુજબ જોવા મળતું નથી. જેના કારણે આંબાના ઝાડ પર ફ્લાવરિંગ એટલે કે મોર ઓછો આવવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે. જો આંબા પર પૂરતા પ્રમાણમાં મોર નહીં આવે તો તેની સીધી અસર કેરીના ઉત્પાદન પર પડી શકે છે. પરિણામે આ વર્ષે બજારમાં કેસર કેરીની આવક ઘટવાની અને ભાવ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લો કેસર કેરીના ઉત્પાદન માટે વિશેષ ઓળખ ધરાવે છે. જિલ્લામાં ૮ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં આંબાની ખેતી કરવામાં આવે છે. ખાસ કરીને સાવરકુંડલા, ધારી, ખાંભા અને રાજુલા પંથકમાં મોટા પ્રમાણમાં કેરીના બગીચાઓ આવેલા છે. અહીં ખેડૂતો કેસર ઉપરાંત બારમાસી, લંગડો, હાફૂસ અને જમાદાર જેવી વિવિધ જાતની કેરીનું ઉત્પાદન કરે છે. બાગાયતકારો આખું વર્ષ આંબાના બગીચાની માવજત, પાણી અને જરૂરી ખેતીકાર્ય પાછળ મહેનત કરતા હોય છે. એટલું જ નહીં, અહીં તૈયાર થતી આંબાની કલમોનું રાજ્યના અન્ય વિસ્તારો તેમજ દેશભરમાં વેચાણ પણ કરવામાં આવે છે.સામાન્ય રીતે નવરાત્રિ બાદ અમરેલી જિલ્લામાં ધીમે ધીમે ઠંડીની શરૂઆત થતી હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં આંબા પર મોર આવવાની પ્રક્રિયા શરૂ થાય છે. જોકે આ વર્ષે દિવાળી બાદ પણ ઠંડીનો ખાસ ચમકારો જોવા મળતો નથી. જેના કારણે ખેડૂતોને આંબા પર પૂરતું ફ્લાવરિંગ નહીં આવે તેવી ચિંતા સતાવી રહી છે.

ખેડૂતોના મતે આંબાના ઝાડ પર સારા પ્રમાણમાં મોર આવવા માટે ઠંડું વાતાવરણ અનુકૂળ હોય છે. જો આગામી સમયમાં પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહેશે તો ફ્લાવરિંગ પર તેની અસર જોવા મળી શકે છે.

બાગાયત વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આંબામાં ફ્લાવરિંગનો સમયગાળો સામાન્ય રીતે ડિસેમ્બરથી ફેબ્રુઆરી અને માર્ચ સુધીનો હોય છે. એટલે હજુ આગામી ત્રણ મહિના દરમિયાન ફ્લાવરિંગની પ્રક્રિયા થવાની શક્યતા છે.અધિકારીઓના જણાવ્યા મુજબ ફ્લાવરિંગ માટે માત્ર ઠંડી જ જવાબદાર નથી. આંબાની જૂની ડાળીઓ, છોડને મળતો પૂરતો આરામ, પાણીની ખેંચ અને અન્ય ખેતીલક્ષી પરિબળો પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ફ્લાવરિંગને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય માર્ગદર્શન હેઠળ પોષક તત્ત્વો અને જરૂરી છંટકાવ પણ ઉપયોગી બની શકે છે.

હાલમાં ખેડૂતોની નજર આગામી ત્રણ મહિનાના વાતાવરણ પર મંડાયેલી છે. જો આંબા પર પૂરતા પ્રમાણમાં ફ્લાવરિંગ નહીં આવે તો કેરીના ઉત્પાદન પર તેની અસર થઈ શકે છે. ઉત્પાદન ઘટવાથી બજારમાં કેસર કેરીની આવક ઓછી રહેવાની અને તેના ભાવમાં વધારો થવાની શક્યતા છે.

જોકે, આંબા પર કેટલું ફ્લાવરિંગ આવશે અને આ વર્ષે કેરીનું કુલ ઉત્પાદન કેટલું રહેશે તે અંગે હાલ ચોક્કસ અનુમાન લગાવવું વહેલું છે. આગામી દિવસોમાં ઠંડી સહિતનાં કુદરતી પરિબળો કેવો પ્રભાવ પાડે છે તેના પર અમરેલીના કેસર કેરીના ખેડૂતોનું આખા વર્ષની મહેનતનું પરિણામ નિર્ભર રહેશે.

૧૭ હજારથી વધુ દુકાનોમાં અનાજ વિતરણ ઠપ

ગુજરાતભરમાં રેશનિંગ વ્યવસ્થા ખોરવાતા રોષ

પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર ડાઉન થતાં રેશનકાર્ડ ધારકોને ધરમધક્કા; નવેમ્બરનો જથ્થો લીધા વિના પરત ફરવા મજબૂર

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતભરમાં જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) ખોરવાતાં રેશનકાર્ડ ધારકોની મુશ્કેલીમાં વધારો થયો છે. રાજ્યના નાગરિક પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર શુક્રવારે (૨૦ નવેમ્બર) વહેલી સવારથી ઠપ થઈ જતાં રાજ્યની ૧૭ હજારથી વધુ વ્યાજબી ભાવની રેશન દુકાનોમાં અનાજ વિતરણની કામગીરી અટકી પડી હતી. નવેમ્બર મહિનાનો અનાજનો જથ્થો મેળવવા દુકાનો પર પહોંચેલા હજારો કાર્ડધારકોને અનાજ લીધા વિના જ પરત ફરવાની ફરજ પડી હતી.

રેશન દુકાનોમાં અનાજ વિતરણ માટે ઉપયોગમાં લેવાતી પોઈન્ટ ઓફ સેલ (POS) સિસ્ટમ ઓનલાઈન સર્વર સાથે જોડાયેલી હોવાથી સર્વર બંધ થતાં વ્યવહારો પૂર્ણ થઈ શક્યા નહોતા.

પરિણામે દુકાન સંચાલકો અનાજનો જથ્થો આપવા અસમર્થ બન્યા હતા. નવેમ્બર મહિનાના બીજા પખવાડિયામાં સર્જાયેલી આ ટેકનિકલ ખામીએ રાજ્યભરના રેશનકાર્ડ ધારકોને મુશ્કેલીમાં મૂક્યા હતા. અનાજ મેળવવા માટે રેશન દુકાનો પર પહોંચેલા ગ્રાહકોને સર્વર બંધ હોવાના કારણે કલાકો સુધી રાહ જોવી પડી હતી. જોકે, ઓનલાઈન વ્યવહાર પૂર્ણ ન થતાં દુકાનદારો અનાજ આપી શકતા નહોતા. આ બાબતે અનેક સ્થળોએ ગ્રાહકો અને દુકાન સંચાલકો વચ્ચે રકઝક તથા ઘર્ષણના બનાવો બન્યા હતા. પોતાના હક્કનો અનાજ મેળવવા આવેલા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

રાજ્યમાં વર્ષ ૨૦૧૦થી બારકોડ આધારિત રેશનકાર્ડ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી હતી. જોકે, ઓનલાઈન વ્યવસ્થામાં વારંવાર ટેકનિકલ ખામીઓ અને સર્વરની સમસ્યાઓ સર્જાતી હોવાની ફરિયાદો ઊઠતી રહી છે. આવી સ્થિતિમાં જાહેર વિતરણ વ્યવસ્થા પર અસર થતાં રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ મળતું નથી. આ વખતે પણ સર્વર બંધ રહેતાં રાજ્યવ્યાપી વિતરણ કામગીરી ખોરવાઈ હતી.

સર્વરની સમસ્યાને પગલે ગુજરાતભરના રેશન દુકાનદારોના એસોસિયેશન દ્વારા નાગરિક પુરવઠા વિભાગને રજૂઆત કરવામાં આવી છે. ઓનલાઈન સિસ્ટમને અપડેટ કરવાની સાથે સર્વરની વારંવાર સર્જાતી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માગ કરવામાં આવી છે. ઉપરાંત અટકેલી અનાજ વિતરણ વ્યવસ્થાને તાત્કાલિક પુનઃ કાર્યરત કરવાની પણ રજૂઆત કરાઈ છે, જેથી રેશનકાર્ડ ધારકોને તેમના હક્કના અનાજ માટે વારંવાર દુકાનોના ધક્કા ખાવા ન પડે.

લીલીયાના પુંજાપાદર ગામે ભાજપ કિસાન મોરચાનો 'હાલો ભેરૂ ગામડે' કાર્યક્રમ યોજાયો









લીલીયા તાલુકામાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કિસાન મોરચા દ્વારા આયોજિત 'હાલો ભેરૂ ગામડે' અભિયાન અંતર્ગત લીલીયા તાલુકા કિસાન મોરચાનો વિશેષ કાર્યક્રમ પુંજાપાદર ગામે રામાણી પરિવારની વાડી ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમમાં પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેનભાઈ હિરપરા તેમજ સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ કિસાન મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને સંગઠનાત્મક કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.'હાલો ભેરૂ ગામડે' અભિયાનના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારોમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા, ખેડૂતો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા તેમજ ખેડૂતોના પ્રશ્નો અને ખેતીલક્ષી બાબતોને પ્રાધાન્ય આપી સંગઠનની કામગીરીને ગામડાં સુધી પહોંચાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેનભાઈ હિરપરા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં લીલીયા તાલુકાના કિસાન મોરચાના કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા કિસાન મોરચાના અપ્રયક્ષ મુકેશભાઈ ખોખરીયા, રિતેશ સોની, ધર્મેન્દ્રસિંહ જાડેજા,તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, કેતન ઢાકેચા, ભરતભાઈ શેલડીયા,ભીખાભાઈ ધોરાજીયા, ધર્મેશ દેસાઈ, જયસુખ સુરાણી, ભનુભાઈ ડાભી સહિત ભાજપના આગેવાનો, કિસાન મોરચાના હોદ્દેદારો,તાલુકા પંચાયત ના સદસ્યો કાર્યકર્તાઓ તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.



આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

જનતાને કાળઝાળ મોંઘવારી અને અખાદ્ય સામગ્રીથી બચાવી લો

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી ગેસ, વીજળી સહિતનાં ભાવમાં સતત વધારો થતાં કરોડો પરિવારો પરેશાન

કરોડો પરિવારોને ઘરનું ગુજરાન ચલાવવા માટે ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે

બજારમાં ખુલ્લેઆમ ભેળસેળયુકત ખાદ્ય સામગ્રીનું વેચાણ થતું હોય તાકીદે તે બંધ કરાવવુ પણ જરૂરી

અખાદ્ય સામગ્રીનું વેચાણ અટકાવવા અવારનવાર ચેકિંગ કરવા પણ માંગ





અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં કાળ ઝાળ મોંઘવારીથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. તો બીજી તરફ દૂધ, ઘી, માખણ, તેલ સહિતની ખાદ્ય સામગ્રીમાં વ્યાપક પ્રમાણમાં ભેળસેળ થતી હોય જનતાનાં આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો હોય આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સહિત સમગ્ર દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. ગેસ સિલિન્ડર, પેટ્રોલ ડીઝલ, ખાદ્યતેલ, શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારોનું ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

એક તરફ મોંઘવારીનો માર છે, તો બીજી તરફ બજારમાં નકલી અને ભેળસેળયુકત વસ્તુઓનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. આ પરિસ્થિતિમાં સામાન્ય પરિવારો માટે બાળકોનું શિક્ષણ, વડીલોની દવાઓ અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવી મુશ્કેલી બની રહી છે.

વધુમાં જણાવેલ છે કે, ગેસ, પેટ્રોલ–ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવા યોગ્ય પગલાં લેવામાં આવે. નકલી અને ભેળસેળયુકત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવે, બજારો, દુકાનો અને ગોડાઉનોમાં નિયમિત તપાસ હાથ ધરવામાં આવે, મોંઘવારીથી સામાન્ય જનતાને રાહત મળે તે માટે સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે. આ ગંભીર જનહિતના મુદે તાત્કાલિક કાર્યવાહી કરી જનતાને રાહત આપવા અંતમાં માંગ કરેલ છે.

કરોડો રૂપિયાનાં ખર્ચે નિભાવાતા વન વિભાગને ખબર છે કે નહી ?

બાબરા પંથકમાં સિંહનાં આંટાફેરા શરૂ થતાં ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા : વ્હેલી સવારે ગાયનું મારણ કર્યુ

દેશનાં ગૌરવસમા સિંહો જિલ્લાનાં લગભગ તમામ વિસ્તારોમાં દેખા દે છે






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરા શહેર નજીક ફરી એકવાર વનરાજાના આંટાફેરા જોવા મળતાં ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેર નજીક આવેલી કિરીટભાઈ પરવાડિયાની વાડીમાં એક સિંહે પડાવ નાખ્યો હતો. વાડીમાં એરંડાના પાકની વચ્ચે સંતાઈને બેઠેલો સિંહ વ્હેલી સવારે એક ગાયનું મારણ કરતાં સમગ્ર વિસરમાં સિંહની હાજરીને લઈને ચર્ચા અને ચિંતાનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં બાબરા ફોરેસ્ટ વિભાગના આર.બી. કેશરિયા સહિતનાં સ્ટાફ દ્વારા વાડીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન એરંડાના ખેતરમાં સંતાઈને બેઠેલો સિંહ નજરે પડતાં ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ સતર્ક બન્યો હતો. હાલ વન વિભાગની ટીમ દ્વારા સિંહની હિલચાલ પર સતત વોચ રાખવામાં આવી રહી છે. ફોરેસ્ટ વિભાગના જણાવ્યા અનુસાર આ સિંહ ઢસા વિસ્તારનો નરસિંહ હોવાનું જાણવા મળ્યું છે અને તે ભ્રમણ કરતો અહીં આવી પહોંચ્યો છે. મોડી રાત્રે આ વિસ્તારમાંથી અન્યત્ર જવાની શયકતા પણ વ્યકત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, બાબરા તાલુકાના ખંભાળા, નાની કુંડળ, સાલેમાલ, ડુંઘર અને ઈશ્વરીયા સહિતના વિસ્તારોમાં છેલ્લા ચાર વર્ષથી સિંહ પરિવારનો વસવાટ છે. જેમાં એક નર, બે પાથડા, એક માદા અને બે બચ્ચા સહિત અંદાજે સાત સિંહોનો પરિવાર આ વિસ્તારમાં વસવાટ કરી રહ્યો હોવાનું ફોરેસ્ટ વિભાગે જણાવ્યું છે. આ ઉપરાંત ગઢડા વિસ્તાર વિસ્તાર તરફથી પણ અન્ય સિંહો ભ્રમણ કરતા અહીં આવી પહોંચતા હોય છે.

અગાઉ ચમારડી અને ગાંગપીપળીયા ગામોમાં પણ સિંહ જોવા મળ્યા હતા. જો કે , તે સમયે દેખાયેલા સિંહો લાઠી તેમજ અડતાળા વિસ્તારનાં હોવાનું બાબરા ફોરેસ્ટ વિભાગ દ્વારા જણાવાયું હતું.

શહેરની નજીક આવેલી વાડીમાં સિંહની હાજરી અને ગાયના મારણની ઘટનાને પગલે આસપાસના ખેડૂતો તથા પશુપાલકોમાં સ્વાભાવિક રીતે ચિંતા પ્રસરી છે. હાલ વન વિભાગ દ્વારા સિંહની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે.

વડિયા નજીક આવેલ હનુમાન ખીજડીયા ગામનો બનાવ

હે રામ : માતાએ રસોઈ કરવા બાબતે મીઠો ઠપકો આપતાં યુવતીએ ઝેર પી લીધુ

યુવતીએ સારવાર દરમિયાન અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૨૦

વડીયા તાલુકાનાં હનુમાન ખીજડીયા ગામે રહેતી સોનલબેન ખીમજીભાઈ સાગઠીયા નામની ૨૭ વર્ષિય યુવતીને તેણીની માતાએ રસોઈ કરવા બાબતે મીઠો ઠપકો આપતા તેણીને લાગી આવતા ગત તા. ૧૬ સવારનાં ૮:૩૦થી ૯ વાગ્યા દરમ્યાન હનુમાન ખીજડીયા ગામે પોતે પોતાની મેળે પોતાના ઘરમાં પડેલ ખડમાં છાંટવાની ઝેરી દવા પી જતા તેણીનું સારવાર દરમિયાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયપુર ગામનાં અજય ગુર્જર નામના ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

રાજુલાનાં કડીયાળી ગામનાં યુવકનાં બેન્ક ખાતામાંથી રૂપિયા ૧૨ હજાર ટ્રાન્સફર થઈ ગયા

વોટસએપ પે એકાઉન્ટ થકી નાણાની હેરફેર કરી

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાનાં કડીયાળી ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનનું કામ કરતા હરેશભાઈ મગનભાઈ ગુજરીયા નામના ૨૨ વર્ષિય યુવકની જાણ બહાર કોઈપણ રીતે ઈલેકટ્રોનીક માધ્યમનો ઉપયોગ કરી ફોન હેક કરી લઈ અને તેમનો વોટસએપ પે એકાઉન્ટ હેક કરી તેના ખાતામાંથી વગર ઓ.ટી.પી.એ રાજસ્થાનનાં જયપુર ગામે રહેતા અજય પ્રકાશ ગુર્જર નામના ઈસમે ઈન્ડીન ઓવર્સીસ બેંક એકાઉન્ટ નંબર ૧૬૯૩૦૧૦૦૦૧૩૦૮૧ જેના આઈએફએસસી નંબર આઈઓબીએ ૦૦૦૧૬૯૩નાં ધારકે યુવકનાં બેંક ઓફ બરોડાનાં ખાતામાંથી રૂપિયા ૧૨,૦૦૦ ટ્રાન્સફર કરી લઈ જઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)